dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 103 | AD - 2026, Maha Sud - 01 | Monday, Dt. 19-01-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

**વડાપ્રધાને ગુવાહાટી એરપોર્ટથી અઝારા સુધીના રોડ શોમાં ભાગ લીધો**

## આસામમાં એક સમયે કર્ફ્યુ હતો જ્યાં આજે સંગીત ગુંજી રહ્યું છે : વડાપ્રધાન મોદી

ગુવાહાટી,તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે આસામની બે દિવસીય મુલાકાત શરૂ કરી. તેમણે ગુવાહાટી એરપોર્ટથી અઝારા સુધીના રોડ શોમાં ભાગ લીધો હતો. એક સભાને સંબોધતા તેમણે કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા. પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસ એક એવી પાર્ટી છે જે આસામના આદરની કદર કરતી નથી; તે ઘૂસણખોરોને પ્રેમ કરે છે. આસામની કલા અને સંસ્કૃતિને એક મોટું પ્લેટફોર્મ મળવું જોઈએ. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના ભાષણની શરૂઆત એમ કહીને કરી હતી કે, "હું ભાગ્યશાળી છું કે મને આસામની સંસ્કૃતિ અને તેની બોડો પરંપરાઓને નજીકથી જોવાની તક મળી. પ્રધાનમંત્રી તરીકે મેં જેટલી વાર આસામની મુલાકાત લીધી છે, તેટલી વખત બીજા કોઈ વડાપ્રધાને આસામની મુલાકાત લીધી નથી. આસામની કલા અને સંસ્કૃતિને એક મોટું પ્લેટફોર્મ આપવાની મારી હંમેશા ઈચ્છા રહી છે. તેને ભવ્ય કાર્યક્રમો દ્વારા દેશ અને દુનિયામાં ઓળખ મળવી જોઈએ. ભૂતકાળમાં આ હાંસલ કરવા માટે સતત પ્રયાસો કરવામાં આવ્યા છે, પછી ભલે તે મોટા પાયે



બિહુ ઉજવણી હોય, દોઢ વર્ષ પહેલાં દિલ્હીમાં યોજાયેલ ભવ્ય બોડોલેન્ડ ફેસ્ટિવલ હોય કે અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમો હોય." આસામની કલા અને સંસ્કૃતિ જે અદ્ભુત આનંદ ધરાવે છે તેનો અનુભવ કરવાની તક હું ક્યારેય ચૂકતો નથી. પીએમ મોદીએ વધુમાં કહ્યું, "બગુરુમ્બા દાહો ફક્ત એક તહેવાર નથી; તે આપણી મહાન બોડો પરંપરાનું સન્માન કરવાનું એક માધ્યમ છે. તે બોડો સમુદાયના મહાન વ્યક્તિઓને યાદ કરવાનું એક માધ્યમ છે. ભાજપ સરકાર આસામના દરેક વારસા અને દરેક ગૌરવનું સન્માન કરવાનું સૌભાગ્ય માને છે. યોગાનુયોગ, આજે જ્યોતિ પ્રસાદ અગ્રવાલની પુણ્યતિથિ છે. હું તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું." હું વિચારીને પ્રેરિત છું કે મારું આસામ કેટલું આગળ વધી રહ્યું છે. જ્યાં દરરોજ રક્તપાતનું મૌન હતું, ત્યાં આજે સંસ્કૃતિના અદ્ભુત રંગો પ્રદર્શિત થઈ રહ્યા છે. જ્યાં ગોળીઓનો ગુંજારો હતો, ત્યાં આજે ખામ અને સિફુંગના મધુર અવાજો ગુંજી રહ્યા છે. જ્યાં કર્ફ્યુનું મૌન હતું, ત્યાં આજે સંગીતના અવાજો ગુંજી રહ્યા છે. જ્યાં અશાંતિ અને અસ્થિરતા હતી, ત્યાં આજે બાગુરુમ્બાના આવા પ્રદર્શન થવાના છે.

### પ્રધાનમંત્રી મોદીએ કાઝીરંગા એલિવેટેડ કોરિડોરનો શિલાન્યાસ કર્યો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બે દિવસની મુલાકાતે આસામ પહોંચ્યા. રવિવારે તેમની મુલાકાતનો બીજો દિવસ હતો. પીએમ મોદીએ ૬,૯૫૭ કરોડ રૂપિયાના ખર્ચે બાંધવામાં આવનાર કાઝીરંગા એલિવેટેડ કોરિડોરનો શિલાન્યાસ કર્યો. પૂર્ણ થયા પછી, આ એલિવેટેડ કોરિડોર પ્રદેશમાં કનેક્ટિવિટીમાં નોંધપાત્ર સુધારો કરશે. આનાથી કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાનમાં પર્યટનને વેગ મળશે અને વ્યવસાય અને ઔદ્યોગિક વિકાસ માટે નવા રસ્તા ખુલશે. યુવાનોને રોજગાર મળશે અને નવી તકો ઉભરી આવશે, જેનાથી પ્રદેશ માટે નોંધપાત્ર આર્થિક વિકાસ થશે. એક મહિના કરતાં ઓછા સમયમાં પીએમ મોદીની ઉત્તરપૂર્વીય રાજ્યની આ બીજી મુલાકાત છે. આ પ્રસંગે જનતાને સંબોધતા પીએમ મોદીએ કહ્યું, "આજે ફરીથી કાઝીરંગાની મુલાકાત લેવાનું મને ભાગ્યશાળી લાગ્યું. મારી પાછલી મુલાકાતની યાદ તાજી થવી સ્વાભાવિક છે.

## દિલ્હી સરકારનો મોટો નિર્ણય, રૂ.૧.૨૦ લાખની વાર્ષિક આવક ધરાવતા પરિવારોને રેશનકાર્ડ અપાશે

નવીદિલ્હી,તા.૧૮

મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ જણાવ્યું હતું કે દિલ્હીમાં ૧.૨૦ લાખની વાર્ષિક આવક ધરાવતા પરિવારોને હવે રેશનકાર્ડ આપવામાં આવશે. આ નિર્ણય દિલ્હી મંત્રીમંડળે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં લીધો હતો. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે નિયમોના અભાવે, દિલ્હીમાં ૩૮૯,૮૮૩ થી વધુ અરજીઓ પેન્ડિંગ છે, અને ૧૧૬૫,૯૬૫ થી વધુ લોકો હજુ પણ ખાદ્ય સુરક્ષાની રાહ જોઈ રહ્યા છે. આ વ્યક્તિઓને હવે પારદર્શક



અને જરૂરિયાત-આધારિત સિસ્ટમ હેઠળ આવરી લેવામાં આવશે. રેખા ગુપ્તાએ જણાવ્યું હતું કે રેશનકાર્ડ મેળવવા માટે મહેસૂલ વિભાગ દ્વારા જારી કરાયેલ આવક પ્રમાણપત્ર ફરજિયાત બનાવવામાં આવ્યું છે. નવા નિયમો અનુસાર, જે પરિવારો દિલ્હીમાં A થી E શ્રેણીની વસાહતોમાં મિલકત ધરાવે છે, જેઓ આવકવેરો ચૂકવે છે, અને જેમની પાસે ચાર પૈડાવાળું વાહન છે (આજીવિકા માટે વપરાતા વાણિજ્યિક વાહન સિવાય), સરકારી સેવામાં પરિવારનો સભ્ય છે, અથવા ૨ કિલોવોટથી વધુ વીજળી કનેક્શન છે તેઓ આ યોજના માટે પાત્ર રહેશે નહીં. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે અરજીઓની ચકાસણી, મંજૂરી અને જિલ્લા-સ્તરીય સમિતિઓ દ્વારા પ્રાથમિકતા આપવામાં આવશે. જિલ્લા-સ્તરીય સમિતિઓને પ્રાથમિકતા માટે કેન્દ્રીય એકમ તરીકે નિયુક્ત કરવામાં આવી છે. તેનું અધ્યક્ષપદ જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા વધારાના જિલ્લા મેજિસ્ટ્રેટ કરશે.

## મુંબઈમાં મેયર પદને લઈને શિવસેના શિંદે અને ભાજપ વચ્ચે ખેંચતાણ

મુંબઈ,તા.૧૮

મુંબઈમાં મેયરપદને લગતો સસ્પેન્સ સતત વધી રહ્યો છે. ચૂંટણી પરિણામો પછી, એકનાથ શિંદેની શિવસેનાએ અઢી વર્ષના ફોર્મ્યુલા પર ભાજપ પાસેથી મેયર પદની માંગણી કરી અને તેના કાઉન્સિલરોને એક હોટલમાં રાખ્યા છે. સીએમ ફડણવીસે કોઈપણ વિવાદનો ઈનકાર કર્યો છે, પરંતુ આ ઘટનાક્રમને પગલે શિવસેના (યુબીટી) સક્રિય થઈ ગઈ છે, ઉદ્ધવ ઠાકરેએ



શરૂઆતમાં એમ કહીને વિવાદ ઉભો કર્યો હતો કે, ભગવાનની ઈચ્છા હોય, શિવસેના (યુબીટી) ના મેયર ચૂંટાશે. હવે, સંજય રાઉતે કહ્યું છે કે ઘણા શિવસેના કાઉન્સિલરો ભાજપનો મેયર ઈચ્છતા નથી અને ઘણા તેમના સંપર્કમાં છે. મીડિયા સાથે વાત કરતા સંજય રાઉતે કહ્યું કે એકનાથ શિંદેના કાઉન્સિલરોને આ રીતે હોટલમાં બંધ રાખવા એ કાયદો અને વ્યવસ્થાનો મુદ્દો છે. મુંબઈમાં ભાજપનો મેયર કોણ ઈચ્છે છે? એકનાથ શિંદે પોતે પણ આ ઈચ્છતા નથી. બીએમસી ચૂંટણીમાં ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો, ૮૯ બેઠકો જીતીને. જોકે, ભાજપ પોતાના દમ પર મેયર પસંદ કરવાની સ્થિતિમાં નથી અને બહુમતી સુધી પહોંચવા માટે શિવસેનાના ટેકાની જરૂર છે. શિવસેનાએ ૨૯ બેઠકો જીતી. જોકે, બંને પક્ષોના કાઉન્સિલરોની કુલ સંખ્યા ૧૧૮ છે.

**રસ્તાના કિનારે બેસીને ભોજન કરતા સમયે અકસ્માત, ૭ મજૂરોની હાલત ગંભીર**

## જબલપુરમાં બેકાબૂ કારનો કહેર : ૧૩ મજૂરોને કચડ્યા, ૨નાં મોત

નવીદિલ્હી,તા.૧૮

મધ્ય પ્રદેશના જબલપુર શહેરમાં રવિવારે એક હૃદયદ્રાવક માર્ગ અકસ્માત સર્જાયો હતો. બરેલા પોલીસ સ્ટેશન વિસ્તારના એકતા ચોક ખાતે બપોરે અંદાજે ૨ વાગ્યે તેજ રફ્તાર સફેદ કારે રસ્તાના કિનારે બેઠેલા ૧૩ મજૂરોને કચડી નાખ્યા હતા. આ ઘટનામાં બે મહિલા મજૂરોનાં ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે ૧૧



મજૂરો ગંભીર રીતે ઘાયલ થયા છે. ઘાયલોમાંથી ૭ની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. મૃતકોની ઓળખ ચૈનવતી બાઈ (ઉં.વ. ૪૦) અને લચ્છો બાઈ (ઉં.વ. ૪૦) તરીકે થઈ છે. તમામ મજૂરો મંડલા જિલ્લાના બીજાડાંડી પોલીસ સ્ટેશન વિસ્તારના બિહારિયા ગામના રહેવાસી છે અને છેલ્લા દોઢ મહિનાથી જબલપુરમાં મજૂરી કામ કરી રહ્યા હતા. માહિતી મુજબ, મજૂરો રોડ ડિવાઈડરમાં લાગેલી લોખંડની જાળીઓની સફાઈ બાદ ત્યાં જ બેસીને ભોજન કરી રહ્યા હતા, ત્યારે બરેલાથી જબલપુર તરફ જઈ રહેલ કાર ચાલક તેમને અડફેટે લઈ ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકોએ પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. પોલીસ ટીમે તાત્કાલિક પહોંચીને તમામ ઘાયલોને સારવાર માટે મેડિકલ કોલેજ હોસ્પિટલમાં ખસેડ્યા હતા. કલેક્ટર રાઘવેન્દ્ર સિંહ અને એસપી સંપત ઉપાધ્યાયે પણ હોસ્પિટલ જઈ ઘાયલોની મુલાકાત લીધી હતી.







## ૨૬ જાન્યુઆરીએ રાજધાની દિલ્હી સહિત અનેક સ્થળોએ આતંકી હુમલાની શક્યતા

નવીદિલ્હી,તા.૧૮

૨૬ જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિવસે રાજધાની દિલ્હી સહિત દેશભરના અનેક શહેરોમાં આતંક મચાવવાનું આતંકવાદી કાવતરું ઘડવામાં આવી રહ્યું છે. આ સંદર્ભમાં ગુપ્તચર ચેતવણી મળ્યા બાદ સુરક્ષા એજન્સીઓને હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે. એક ગુપ્તચર ચેતવણીમાં જણાવાયું છે કે પંજાબમાં ગુંડાઓ ખાલિસ્તાની અને અન્ય કટ્ટરપંથી હેન્ડલર્સ માટે પગપાળા સૈનિકો તરીકે કામ કરી રહ્યા છે, અને તાજેતરમાં તેમની પ્રવૃત્તિઓમાં વધારો થયો છે. ગુપ્તચર એજન્સીઓએ ચેતવણી આપી છે કે જેમ જેમ પ્રજાસત્તાક દિવસ (૨૬ જાન્યુઆરી) નજીક આવી રહ્યો છે, ખાલિસ્તાની આતંકવાદી સંગઠનો અને બાંગ્લાદેશ સ્થિત આતંકવાદી સંગઠનો દિલ્હી અને દેશના અન્ય ઘણા શહેરોને નિશાન બનાવવાનો પ્રયાસ કરી શકે છે. ગુપ્તચર ચેતવણીમાં પંજાબમાં ગુંડાઓની વધતી પ્રવૃત્તિઓ પર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે, જેઓ કથિત રીતે વિદેશથી કાર્યરત ખાલિસ્તાની અને કટ્ટરપંથી હેન્ડલર્સ માટે પગપાળા સૈનિકો તરીકે કામ કરી રહ્યા છે.



**કાર્યક્રમમાં જિલ્લા પંચાયત અને ગ્રામ પંચાયતના સભ્યો હાજર રહ્યા**

# અમરેલીના માલવણ ગ્રા.પં.ના નવા ભવનનું રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના હસ્તે ખાતમુહૂર્ત

અમરેલી,તા.૧૮



અમરેલીના માલવણ મુકામે ગ્રામ પંચાયતના નવા ભવનના નિર્માણ માટે ઉર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. અંદાજિત કુલ રૂ. ૨૫ લાખના ખર્ચે નવું પંચાયત ભવન આકાર પામશે. નાગરિકોની સુવિધાઓમાં વધારો થશે. ઉર્જા રાજ્યમંત્રી વેકરીયાએ માલવણ મુકામે નવી બનેલ પાણીની ટાંકીનું પણ લોકાર્પણ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, માલવણ મુકામે રૂ. ૯ લાખના ખર્ચે સ્મશાન કંપાઉન્ડ વોલ બનશે સાથે રૂ. ૧૧ લાખના ખર્ચે પીવાના પાણીના સંગ્રહ માટે સમ્પ પણ બનાવવામાં આવશે. સાંસદ અને ધારાસભ્યની ગ્રાન્ટમાંથી અંદાજિત કુલ રૂ. ૫ લાખના ખર્ચે બ્લોક રોડ બનાવવામાં આવશે. આમ, ગ્રામ્યકક્ષાએ વિવિધ વિકાસકાર્યો થતાં નાગરિકોને ઉત્તમ સુવિધાઓ પ્રાપ્ત થશે. માલવણ મુકામે વિવિધ વિકાસકામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ પ્રસંગે તાલુકા પંચાયત અમરેલીના પ્રમુખ કિશોરભાઈ કાનપરીયા, જિલ્લા પંચાયતના સભ્યો, પ્રવિણભાઈ માંગરોળીયા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને ગ્રામ પંચાયતના સભ્યો તેમજ સ્થાનિક અગ્રણીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ધારી-જૂનાગઢ મીટર ગેજ ટ્રેન એક વર્ષથી બંધ થતા લોકોનો આક્રોશ

ધારી, તા.૧૮

છેલ્લા એક વર્ષથી એક બહાનાના નામે ધારી-જૂનાગઢ સહિતની મીટર ગેજ ટ્રેન સેવા બંધ કરી દેવામાં આવી છે. મધ્યમવર્ગીય મુસાફરો અને વિદ્યાર્થીઓ માટે સસ્તી, સુલભ અને સમયસર અપડાઉનની આ મહત્વપૂર્ણ સુવિધા એકાએક બંધ થતાં જનતા ભારે હાલાકી ભોગવી રહી છે. અનેક રજૂઆતો છતાં રેલવે તંત્ર તેમજ સાંસદ-ધારાસભ્યો દ્વારા કોઈ સ્પષ્ટ જવાબ આપવામાં આવતો નથી. ટ્રેન બંધ થતાં રોજગાર, શિક્ષણ અને આરોગ્ય માટે જતા લોકોને વધારાનો ખર્ચ સહન કરવો પડે છે. બીજી તરફ, ગામડાઓમાં એસટી બસની અછત, સરકારી શાળાઓ બંધ થવી, ઉદ્યોગ-રોજગારીનો અભાવ જેવી ગંભીર સમસ્યાઓ યથાવત છે. ધારીમાં સિવિલ હોસ્પિટલ હોવા છતાં ડાયાલિસિસ, બ્લડ સ્ટોરેજ, સરકારી એમ્બ્યુલન્સ કે શબવાહિની જેવી મૂળભૂત સુવિધાઓ નથી. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી નજીક હોવા છતાં રાજકીય પક્ષો માત્ર પ્રચારમાં વ્યસ્ત છે, પાયાની સુવિધાઓ માટે કોઈ આંદોલન કે વિરોધ દેખાતો નથી. જનતાનો સવાલ છે કે મત પછી નેતાઓ ક્યાં અદશ્ય થઈ જાય છે?

# ધારીના જીરા-હિરાવા-પાતળા રોડ અને નાળા પુલીયાના કામનું ખાતમુહૂર્તઃ રૂ. ૪.૫૦ કરોડના ખર્ચે નવીનીકરણ થશે

ધારી, તા.૧૮



ધારી તાલુકાના જીરા-હિરાવા-પાતળા રોડ પર આવતા નાળા પુલીયાનું નવીનીકરણ અને રોડ રિસર્ફેસીંગના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. રૂ. ૪.૫૦ કરોડના જંગી ખર્ચે તૈયાર થનારા આ વિકાસકાર્યનું ખાતમુહૂર્ત ધારીના ધારાસભ્ય જે.વી. કાકડીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારી તાલુકા પંચાયત પ્રમુખ ઘનશ્યામભાઈ હીરપરા, જિલ્લા પંચાયત સદસ્ય ખોડાભાઈ ભુવા, તાલુકા પંચાયત કારોબારી ચેરમેન બિચ્છુભાઈ વાળા, સદસ્ય બાબાભાઈ વાળા, પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ જીતુભાઈ જોશી, ઉપપ્રમુખ ઉમેશભાઈ ધાધલ, યુવા ભાજપ પ્રમુખ ચિંતનભાઈ રંગપરીયા અને માર્કેટિંગ યાર્ડના ચેરમેન હર્ષદભાઈ રાવલ ઉપસ્થિત રહ્યા હતા. વધુમાં હીરાવા ગામના સરપંચ ભરતભાઈ ચૌહાણ, ગઢીયા પાતળા સરપંચ પહુભાઈ વાળા, મનીષભાઈ વાળા, હીરાવા પૂર્વ સરપંચ કિશોરભાઈ વેકરીયા, સુરેશભાઈ મકવાણા, ગોવિંદભાઈ વેકરીયા, કાળુભાઈ હુમ્મર તેમજ તાલુકા ભાજપના હોદ્દેદારો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# બાબરાના વાંકીયા ગામે રૂ. ૫૦ લાખના વિવિધ વિકાસ કામોનું ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે ખાતમુહૂર્ત

બાબરા, તા.૧૮



બાબરાના તાલુકાના વાંકીયા ગામે ગ્રામ વિકાસને વેગ મળે તે હેતુસર અંદાજીત રૂ. ૫૦ લાખના વિવિધ વિકાસલક્ષી કામોનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના વરદહસ્તે ભવ્ય અને ઉત્સાહભર્યા માહોલમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રામજનો, આગેવાનો તથા કાર્યકરોની વિશાળ ઉપસ્થિતિ જોવા મળી હતી. કાર્યક્રમને સંબોધતાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે સતત પ્રતિબદ્ધ છે અને દરેક ગામમાં આધુનિક સુવિધાઓ પહોંચે તે દિશામાં સતત પ્રયત્નો થઈ રહ્યા છે. આ અવસરે જિલ્લા પંચાયતના સભ્ય, ગામના સરપંચ, પંચાયતના સભ્યો, સામાજિક આગેવાનો તથા ગ્રામજનોએ ધારાસભ્યનો આભાર માન્યો હતો.

# ભારતીય કિસાન સંઘના પૂર્વપ્રમુખ લાલજીભાઈ વેકરીયાનું અવસાન

અમરેલી, તા.૧૮



ભારતીય કિસાન સંઘના પૂર્વ પ્રમુખ લાલજીભાઈ વેકરીયાનું દુઃખદ અવસાન થતાં તેમને ૧૭/૦૧/૨૦૨૬ના રોજ ધારીની પટેલ વાડી ખાતે ભાવભીની શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ તકે કિસાન સંઘના પૂર્વ પ્રદેશ પ્રમુખ વિઠ્ઠલભાઈ દુધાત્રા, પૂર્વ જિલ્લા પ્રમુખ વસંતભાઈ ભંડેરી, મંત્રી કૌશિકભાઈ ગજેરા, વિમલભાઈ રૂપાપરા, બબાભાઈ વરૂ, વિનુભાઈ દુધાત, ભરતભાઈ રાદડિયા, જૂનાગઢ જિલ્લા પ્રમુખ રાજેશભાઈ, પૂર્વ ધારાસભ્ય મનસુખભાઈ ભુવા, ધારાસભ્ય જે.વી. કાકડીયા તથા ખોડાભાઈ ભુવા, ભાવનાબેન ગોંડલીયા અને તાલુકા-જિલ્લાના કાર્યકર્તા હાજર રહ્યા હતા.

# કે.કે. પારેખ કોમર્સ કોલેજમાં કમ્પ્યુટર કોડિંગ કોર્સનો પ્રારંભ

અમરેલી, તા.૧૮



અમરેલીમાં શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ તથા અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે.કે. પારેખ કોમર્સ કોલેજ ખાતે કાર્યરત ઈનોવેશન ક્લબ અંતર્ગત સારથી એક્ટિવિટીઝ અન્વયે ૧૫ જાન્યુઆરીથી કમ્પ્યુટર કોડિંગ કોર્સનો પ્રારંભ થયો છે. આ તકે કોર્સના મેન્ટર નિલેશભાઈ પારઘીનું ડો. એ. બી. ગોરવાડીયા દ્વારા મેમેન્ટો આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કોર્સ અંતર્ગત વિદ્યાર્થીઓને HTML, JAVASCRIPT, CSS અને BLOG WRITING શિખવવામાં આવશે. આ કોર્સમાં વિદ્યાર્થીઓને તાલીમ માટે બી.સી.એ.ના આસિસ્ટન્ટ પ્રોફેસર નિલેશભાઈ પારઘી ઉપસ્થિત રહેશે. આ કોર્સમાં કોલેજમાં અભ્યાસ કરતા બી.કોમ. અને બી.બી.એ.ના ૪૦ વિદ્યાર્થીઓ ભાગ લેશે. આ કોર્સ ૨ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી કુલ ૧૫ દિવસ દરરોજના બે કલાક લેખે કુલ ૩૦ કલાક માટે ચાલશે. કોર્સના અંતે પરીક્ષા લેવાશે અને ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ આપવામાં આવશે. આ કાર્યક્રમના સફળ આયોજન બદલ અમરેલી જિલ્લા વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટ અને કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ભારતીબેન ફીણવીયાએ શુભેચ્છાઓ પાઠવી હતી.

**૨૦૦૫ પહેલા ભરતી થયેલા**

# અમરેલી જિલ્લામાં પ્રા. શિક્ષકોના ૭૧૮ પેન્શન કેસ મંજૂર, શિક્ષણ વિભાગે ૧૦૦% કામગીરી પૂર્ણ કરી

બગસરા, તા.૧૮




રાજ્ય સરકાર દ્વારા ૨૦૦૫ પૂર્વે ભરતી થયેલા તમામ કર્મચારીઓને પેન્શનનો લાભ આપવા માટેનો નિર્ણય કરેલો હતો. જેમના પેન્શન મંજૂરી માટેની કાર્યવાહી ગાંધીનગર ખાતે પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી અંતર્ગત કરવામાં આવી હતી. જેમાં પ્રથમ તબક્કામાં ૬૨૩ પેન્શન કેસ તેમજ તાજેતરના બીજા તબક્કામાં પૂર્તતા સાથેના ૯૫ કેસ મંજૂર કરવામાં આવતા જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી કચેરીએ ૧૦૦% કામગીરી પૂર્ણ કરી નમૂના રૂપ કાર્ય કરેલ છે.

આ કામગીરી બદલ ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના મહેન્દ્રભાઈ વિછીયા, ક્રિપાલસિંહ જાડેજા, રસિકભાઈ મહેતા, પ્રવીણભાઈ કસવાળા વગેરે હોદ્દેદારોએ નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી જી.એમ. સોલંકીને અભિનંદન પાઠવ્યા હતા, તેઓ હાલ નિરંતર શિક્ષણમાં બદલી થયેલ હોવા છતાં બાકી રહેલ કામગીરી પોતાના હસ્તક પૂર્ણ કરાવવા બદલ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. આગામી દિવસોમાં નવા મંજૂર થયેલા ૯૫ પેન્શન કેસને જીપીએફ નંબર ફાળવવા માટેની કામગીરી તુરંત શરૂ કરવામાં આવે તેવી શિક્ષક સંઘે માંગ કરેલ છે.

# જાફરાબાદ નજીક આવેલ વરુડી માતાના મંદિર જતા રસ્તા ઉપર ગેટનું ખાતમુહૂર્ત કરાયું

જાફરાબાદ, તા.૧૮


તસવીર : બાબુભાઈ વાટેળ

જાફરાબાદના દરિયા કિનારે અતિ રમણીય અને સુંદર વરૂડી માતાનું પૌરાણિક મંદિર આવેલું છે. અહીં વઢેરા ગામ સમસ્ત તેમજ વાઘેલા પરિવાર દ્વારા માતાજીના મંદિરે જતા રસ્તા ઉપર ગેટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

યોજાયેલ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં વઢેરા ગામના આગેવાનો, સરપંચ, તાલુકા પંચાયત પ્રમુખ તેમજ એસએમસીનાં કાર્યકરો તેમજ ગ્રામજનો મોટી સંખ્યા ઉપસ્થિત રહ્યા હતા.

# સંત શિરોમણી રોહીદાસ જન્મજયંતીના દિવસે જાહેર રજા મંજૂર કરવા આવેદનપત્ર

અમરેલી, તા.૧૮



સંત શિરોમણી ગુરુ રવિદાસ વિશ્વ મહાપીઠ અમરેલી જિલ્લા દ્વારા સંત શિરોમણી રોહીદાસ મહારાજની જન્મજયંતીને જાહેર અને ફરજિયાત રજા તરીકે જાહેર કરવા માંગ સાથે આવેદનપત્ર આપવામાં આવ્યું. અમરેલી જિલ્લા કલેક્ટર મારફત મુખ્યમંત્રીને આ આવેદનપત્ર પાઠવાયું હતું. સંત રોહીદાસ જન્મજયંતી સમગ્ર દેશમાં અનુસૂચિત જાતિ સમાજ દ્વારા ઉત્સવરૂપે ઉજવાય છે. પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશમાં આ દિવસે ફરજિયાત જાહેર રજા છે, જ્યારે ગુજરાતમાં ભૂતકાળમાં મરજીયાત રજા જાહેર કરવામાં આવી હતી. સમાજની લાગણીને ધ્યાનમાં રાખી આ રજાને જાહેર અને ફરજિયાત બનાવવા રજૂઆત કરાઈ. આ પ્રસંગે જિલ્લા પ્રમુખ જીજ્ઞેશ દાફડા, લક્ષ્મણભાઈ બગડા, ગીતાબેન સોલંકી, સુરેશભાઈ મહિડા, સુરેશભાઈ પરમાર સહિત આગેવાનો હાજર રહ્યા હતા.




Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

### રાજ્યના ઉર્જા અને કાયદા મંત્રી કૌશિક વેકરીયાના હસ્તે

# ચિત્તલ ખાતે બે પેટા આરોગ્ય કેન્દ્રના નવા બિલ્ડીંગનું ખાતમુહૂર્ત

અમરેલી,તા.૧૮

ઉર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે અમરેલીના ચિત્તલ મુકામે કુલ ૦૨ પેટા આરોગ્ય કેન્દ્રના નવા બિલ્ડીંગની કામગીરીનું ખાતમુહૂર્ત સંપન્ન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ચિત્તલ સ્થિત ખોડિયાર નગર અને જિન પ્લોટ ખાતે અંદાજિત કુલ રૂ. ૬૫ લાખના ખર્ચે પેટા આરોગ્ય કેન્દ્રો આકાર પામશે. ચિત્તલ ઉપરાંત આસપાસના ગામડાઓને ઘરઆંગણે અને નજીકમાં જ સરળતાથી આરોગ્ય સુવિધાઓ મળતી થશે. આ





તકે કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે નાગરિકો માટે આરોગ્ય સુવિધાઓ અને સવલતો સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે સતત સક્રિયતા સાથે કામગીરી કરવામાં આવી રહી છે. ચિત્તલ મુકામે પેટા આરોગ્ય કેન્દ્રોના ખાતમુહૂર્ત પ્રસંગે જિલ્લા પંચાયત ઉપપ્રમુખ સુરેશભાઈ પાથર, તાલુકા પંચાયત અમરેલીના પ્રમુખ કિશોરભાઈ કાનપરીયા, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિ ચેરમેન અશ્વિનભાઈ કુંજડીયા, જિલ્લા પંચાયતના સભ્યો, તાલુકા પંચાયત સભ્યો, સ્થાનિક અગ્રણીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

**જિલ્લા અને તાલુકા પંચાયતના પદાધિકારીઓ સહિત ગ્રામજનો હાજર રહ્યા**

## દામનગર લટુરિયા હનુમાનજી મંદિરના મહંત પૂજ્ય સેવાદાસબાપુ બ્રહ્મલીન

દામનગર, તા.૧૮



દામનગર શહેરના સીતારામનગર સામે, ભુરખીયા રોડ પર સ્થિત શ્રી લટુરિયા હનુમાનજી મંદિરના મહંત પૂજ્ય સેવાદાસબાપુ દેવલોક પામ્યા છે. સરળ સ્વભાવ અને નિઃસ્વાર્થ સેવાના પર્યાય સમાન બાપુના નિધનથી સેવક સમુદાયમાં શોક વ્યાપી ગયો છે. શાસ્ત્રોના ગહન અભ્યાસુ અને નિરંતર હરિ સ્મરણમાં લીન રહેતા બાપુની અંતિમ પાલખી યાત્રામાં અનેક સાધુ-સંતો અને બહોળી સંખ્યામાં હરિભક્તો જોડાયા હતા. પૂજ્ય બાપુના પાર્થિવ દેહને પંચમહાભૂતમાં વિલીન કરી સૌએ ભાવભીની પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

## ધારીના દેવળા ગામે ૧ કરોડના ખર્ચે બનશે નવી પ્રાથમિક શાળા : ધારાસભ્ય જે.વી. કાકડીયાના હસ્તે ખાતમુહૂર્ત

ધારી, તા.૧૮

ધારી તાલુકાના દેવળા ગામે શિક્ષણ અને પ્રાથમિક સુવિધાના કામોનું ધારાસભ્ય જે.વી. કાકડીયાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. દેવળા ગામમાં રૂ. ૧ કરોડના ખર્ચે નવી પ્રાથમિક શાળાનું નિર્માણ કરવામાં આવશે. આ ઉપરાંત, ધારાસભ્યની ગ્રાન્ટમાંથી રૂ. ૫ લાખના ખર્ચે પ્રાથમિક શાળા ચોકથી



તસવીર : સંજય વાળા

પાટી વાળા રસ્તે પેવિંગ બ્લોક નાખવાના કામનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દાનમહારાજની જગ્યાના લઘુમહંત મહાવીરબાપુ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત કાર્યક્રમમાં ઘનશ્યામભાઈ હીરપરા, મૃગેશભાઈ કોટડીયા, બિચ્છુભાઈ વાળા, દેવળાના સરપંચ ગોરધનભાઈ વસોયા, માધુપુરના સરપંચ મેહુલભાઈ જિયાણી, સવજીભાઈ મૈયાત્રા, કમલેશભાઈ વસોયા, ભુપતભાઈ વેકરીયા તેમજ ગામના આગેવાનો અને શાળા પરિવાર મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ધારી પોલીસ સ્ટાફે માનવતા મહેકાવી : ખિસરીમાં વિદ્યાર્થિનીને સ્કૂલ ડ્રેસ આપ્યો

ધારી, તા.૧૮



ધારી તાલુકાના ખિસરી ગામની પ્રાથમિક શાળામાં પોલીસ સ્ટાફે માનવતાનો અનોખો દાખલો આપ્યો. પી. આઈ. જાડેજાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કાર્યક્રમ દરમિયાન એક વિદ્યાર્થિની શાળાકીય ડ્રેસ વિના નજરે પડી. પૂછપરછમાં જાણવા મળ્યું કે ગરીબીના કારણે તેના વાલીઓ ડ્રેસ લઈ શક્યા ન હતા. આ વાત સાંભળીને ધારી પોલીસ સ્ટાફે તરત આર્થિક સહયોગ આપ્યો. કાયદો અને વ્યવસ્થા જાળવનારા પોલીસ કર્મચારીઓની આ માનવતાભરી કામગીરીને સૌએ બિરદાવી હતી.

## જાફરાબાદના દરિયા કાંઠેથી વિદેશી દારૂની ૪૩ બોટલ સાથે એક ઈસમને મરીન પોલીસે પકડ્યો

જાફરાબાદ, તા.૧૮

જાફરાબાદમાં સામાકાંઠા ફીશરીઝ ચોકી પાસેથી મરીન પોલીસે રૂ. ૨૮૩૨૪ની કિંમતની ભારતીય બનાવટના વિદેશી દારૂની ૪૩ બોટલ સાથે એક ઈસમને વાહન સહિત કુલ રૂ.૨,૧૩,૩૮૪ની કિંમતના મુદ્દામાલ સાથે ધરપકડ કરી હતી. આ અંગે જાફરાબાદ મરીન ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.બી. ગોહિલને મળેલી બાતમીના આધારે તા.૧૪/૦૧/૨૦૨૬ નાઈટ રાઉન્ડ પેટ્રોલિંગ દરમ્યાન ફીશરીઝ ચોકી પાસેથી એક સફેદ કલરની વોક્સવેગન પોલો કાર રજી.નં. GJ-૦૬-HD-૧૦૯૭માં ગેરકાયદે ભારતીય બનાવટના વિદેશી દારૂ ભરી હેરાફેરી કરતા એક ઈસમને પ્રોહીબીશન સંબંધિત મુદ્દામાલ સાથે પકડીને



તસવીર : બાબુ વાઢેળ

પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી કરી છે. પકડાયેલ આરોપી જાફરાબાદના કડિયાળીનો રહેવાસી કેતનભાઈ જીણાભાઈ મકવાણા ડ્રાઈવીંગનું કામ કરે છે. જ્યારે અન્ય એક આરોપીને પકડવાનો બાકી છે, તેનું નામ અસ્લમભાઈ છે અને તે ઉનાના ઉમેજ ગામનો રહેવાસી છે. આ કાર્યવાહી પો.સબ ઈન્સ એ.એમ. રાધનપરા, હેડ કોન્સ. એ.આર. ઝાલા, કોન્સ. વિક્રમભાઈ એભલભાઈ, કોન્સ. તોસીફભાઈ ભીખુભાઈ, કોન્સ. ભાવેશભાઈ મોહનભાઈ દ્વારા કરવામાં આવી હતી.

## સાવરકુંડલામાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના વાર્ષિક ઉત્સવમાં ૧૦૦થી વધુ બહેનોએ યોગાસનો રજૂ કર્યા

સાવરકુંડલા, તા.૧૮

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, સાવરકુંડલા દ્વારા શહેરના જેસર રોડ પર સ્થિત સર્વ મંગલ હોલ ખાતે યોગ ટ્રેનર્સ બેચના ભવ્ય વાર્ષિક ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ‘યોગમય સાવરકુંડલા, રોગમુક્ત સાવરકુંડલા’ના ઉમદા સંકલ્પ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં ૧૦૦થી વધુ બહેનોએ ભાગ લીધો હતો. યોગ કોચ બીનાબેન



દીપેશભાઈ જોશીના કુશળ માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલી યોગ ટ્રેનર્સ બેચની બહેનોએ વિવિધ કઠિન યોગાસનો, પ્રાણાયામ અને સુંદર સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. આ કાર્યક્રમમાં હોલની સુવિધા વિનામૂલ્યે પૂરી પાડનાર જાગૃતિબેન ગૌસ્વામીનું વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યોગ કોચ બીનાબેન જોશીએ જણાવ્યું હતું કે, “યોગ એ માત્ર શારીરિક કસરત નથી, પરંતુ જીવન જીવવાની એક પવિત્ર કળા છે. આપણી પ્રાચીન ભારતીય સંસ્કૃતિની આ ધરોહરને અપનાવીને જ આપણે રોગમુક્ત સમાજનું સ્વપ્ન સાકાર કરી શકીએ છીએ.” આ તકે બહેનોએ ઘરે-ઘરે યોગ પહોંચાડવાનો સંકલ્પ લીધો હતો.

## જાફરાબાદમાં તપોવન ટેકરી આશ્રમ ખાતે તપસ્વીબાપુનો ૧૫મો તિથિ મહોત્સવ યોજાયો

જાફરાબાદ,તા.૧૮



જાફરાબાદ નજીક આવેલ તપોવન ટેકરી તપસ્વી આશ્રમ ખાતે આજે ૧૦૦૮ પૂજ્ય સંત શ્રી રાઘવજીદાસ (તપસ્વીબાપુ)ની ૧૫મી પુણ્યતિથિની ઉજવણીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત અન્નકૂટ દર્શન અને બ્લડ ડોનેશન કેમ્પ પણ યોજાયા હતો. જે અંતર્ગત વહેલી સવારે પાદુકા પૂજન ત્યારબાદ મહુવા નવકાર બ્લડ બેન્કના સહકારથી બ્લડ ડોનેશન કેમ્પ ખુલ્લો મુકવામાં આવ્યો હતો, જેમાં ૧૫૧ બોટલ જેટલું બ્લડ ડોનેટ કરવા ઉપરાંત બપોરે મહાપ્રસાદનું આયોજન કરાયું હતું. આ ઉપરાંત અનેક મંડળો દ્વારા સેવા આપવામાં આવી હતી અને રામધૂનની પણ રમઝટ બોલાવવામાં આવી હતી.

## ચલાલા નગરપાલિકામાં ભૂમિબેન વાળાએ પ્રમુખનો ચાર્જ સંભાળ્યો




ચલાલા,તા.૧૮

ભૂમિબેન જયરાજભાઈ વાળાએ આજે ચલાલા નગરપાલિકાના નવનિયુક્ત પ્રમુખ તરીકેનો વિધિવત ચાર્જ સંભાળ્યો હતો. આ તકે દાન મહારાજની જગ્યાના લઘુ મહંત મહાવીર બાપુ, ગાયત્રી સંસ્કારધામના વડા ડો. રતીદાદા, ઉદયબાપુ ભગત, ધારાસભ્ય જે.વી. કાકડીયા, ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચાના અધ્યક્ષ હિરેનભાઈ હિરપરા, ભારતભૂષણ મહેશભાઈ મહેતા, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ હેમંતભાઈ દોંગા, ગીતાબેન કારીયા સહિત વેપારી આગેવાનો, નગરપાલિકાના સદસ્યો, કર્મચારીઓ સહિત જુદી જુદી સામાજિક સંસ્થાઓના આગેવાનોએ ઉપસ્થિત રહીને નવા પ્રમુખને શુભકામનાઓ પાઠવી હતી. આ તકે પ્રમુખના પતિ જયરાજભાઈ વાળાએ જણાવ્યું હતું કે આવતા દોઢ વર્ષમાં લઘુ મહંત મહાવીર બાપુના અને રતીદાદાના આશીર્વાદ સાથે અને ધારાસભ્ય જે.વી કાકડીયા અને જિલ્લા ભાજપના માર્ગદર્શન તળે શહેરના વિકાસના જે કાંઈ કામો બાકી રહ્યા છે તે વહેલી તકે પૂર્ણ કરી નવા જરૂરિયાત મુજબના કામોનું સદસ્યો સાથે આયોજન કરી શહેરને સંપૂર્ણ સુવિધાયુક્ત અને નંદનવન બનાવવા માટે કોઈપણ પ્રકારની કચાસ રાખવામાં નહીં આવે.




BLUE BUDDHA
Shopping With us can be very rewarding
END OF SEASON SALE
BUY 1 GET 1 FREE
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.



GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો



ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


### //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૧૬/૨૦૨૬

અરજદાર :- શ્રી કસ્તુરબેન લાભુભાઈ સાવલીયા
રહ.. હુડલી, તા. ધારી, જી. અમરેલી-૩૬૫૬૩૦

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.માળીલા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના માળીલા ગામમાં અરજદારશ્રી કસ્તુરબેન લાભુભાઈ સાવલીયા તેઓના પુત્ર કેતનકુમાર લાભુભાઈ સાવલીયાની જન્મ (તા.૦૧/૧૧/૧૯૮૨) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૮/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

### અવસાન નોંધ

**રાજકોટ**

સ્વ.ભરતભાઇ પ્રભુદાસભાઇ ચોટાઇ (ઉં.વ.૬૦) તા.૧૭-૦૧-૨૦૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ.પ્રભુદાસભાઇ કુરજીભાઇ ચોટાઇ તથા સ્વ.જયાબેન પ્રભુદાસભાઇ ચોટાઇના પુત્ર તથા માલતીબેનના પતિ, તે નિશિત તથા મેઘનાબેનના પિતાશ્રી, તે જેન્તીભાઇ, પ્રવિણભાઇ તથા અનિલાબેનના ભાઇ, તે ધનંજયકુમારના સસરા થાય છે. બેસણું તથા પિયર પક્ષની સાદડી તા.૧૯-૦૧-૨૦૨૬, સોમવારે સાંજે ૪ થી ૫- પ્રાર્થનાસભા હોલ, નાઇન્થ એવન્યુ એપાર્ટમેન્ટ, નાણાવટી ચોક, ૧૫૦ ફુટ રિંગ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.


શું તમને સાંભળવાની તકલીફ છે ?



નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વૉટરપ્રુફ
રિચાર્જેબલ | બ્લુટૂથ ટેકનોલોજી | AI ટેકનોલોજી
બેસ્ટ સાઉન્ડ કવોલિટી | વ્યાજબી કિંમત



કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

# અમરેલીમાં સાયબર સુરક્ષા જાગૃતિ સેમિનારનું આયોજન, વેપારીઓ અને નાગરિકોને અપાયું માર્ગદર્શન

અમરેલી, તા.૧૮

અમરેલીમાં વધતા જતા સાયબર ગુનાઓ સામે વેપારીઓ તથા નાગરિકોને સજાગ બનાવવા માટે સાયબર સુરક્ષા જાગૃતિ સેમિનારનું સુંદર અને સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વેપારી મહામંડળ, અમરેલી, અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ અને અમરેલી જિલ્લા પોલીસના સંયુક્ત ઉપક્રમે કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત વેપારી મહામંડળ, અમરેલીના પ્રમુખ બીરજુભાઈ અટારાના સ્વાગત પ્રવચનથી થઈ.

ત્યારબાદ અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ભગીરથભાઈ ત્રિવેદીએ ડિજિટલ યુગમાં વધતા ઓનલાઈન ફ્રોડ, UPI સ્કેમ અને બેંકિંગ છેતરપિંડી અંગે ચિંતા વ્યક્ત કરી અને બચાવ માટે જરૂરી સાવચેતી સમજાવી. તેમણે સમગ્ર જિલ્લામાં આવા સેમિનારો યોજવા માટે સહકારની ખાતરી આપી. વેપારી મહામંડળના પૂર્વ પ્રમુખ સંજયભાઈ વણજારાએ







સાયબર ગુનાઓથી બચવાના વ્યવહારુ ઉપાયો અંગે ઉપયોગી માહિતી આપી. કાર્યક્રમમાં પોલીસ અધિક્ષક સંજય ખરાત (IPS)એ સાયબર સુરક્ષામાં સતર્કતા રાખવાની અપીલ કરી. મુખ્ય વક્તા તરીકે પી.આઈ. સાયબર ક્રાઈમ જે.એમ. કડછાએ પ્રેક્ટિકલ ઉદાહરણો સાથે સાયબર ફ્રોડથી બચવાના અસરકારક ઉપાયો સમજાવ્યા અને હાજર નાગરિકોના પ્રશ્નોના જવાબ આપ્યા. સેમિનારમાં DYSP ચિરાગ દેસાઈ, લોહાણા મહાજનના પ્રમુખ ડૉ કાનાબાર, અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ડી.કે. રૈયાણી, અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ મુકુંદભાઈ મહેતા, અમર ડેરીના ડાયરેક્ટર રાજેશભાઈ માંગરોળીયા, ભાવેશભાઈ સોઢા, નીલકંઠ જવેલર્સના માલિક કેતનભાઈ ધોળકિયા, રાજુભાઈ શીંગાળા, લીલીયા ચેમ્બર્સ ઓફ કોમર્સના પ્રમુખ પરીન સોની, વડીયા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મિતુલ ગણાત્રા, કુંકાવાવ ચેમ્બર ઓફ કૉમર્સના પ્રમુખ ભીમજીભાઈ વેકરીયા, ટાવર ચોક વેપારી ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ હિતેષભાઈ પોપટ, કુંકાવાવ ચેમ્બર ઓફ કૉમર્સના મહામંત્રી યોગેશભાઈ દવે, બાળ રોગ નિષ્ણાત ડો નીતિનભાઈ ત્રિવેદી તેમજ અમરેલી શહેરના વિવિધ સામાજિક અને વેપારી સંસ્થાના આગેવાનો તથા મોટી સંખ્યામાં વેપારીઓ અને નાગરિકો હાજર રહ્યા હતા. કાર્યક્રમને ઉત્તમ પ્રતિસાદ મળ્યો હતો. અંતે મંત્રી ચંદ્રેશભાઈ ધોળકિયાએ આભાર વ્યક્ત કર્યો હતો.

## સાવરકુંડલાના આંબરડી ગામે આર્થિક તંગીથી કંટાળી પુરુષે ગળાફાંસો ખાધો

સાવરકુંડલા, તા.૧૮

સાવરકુંડલાના આંબરડી ગામે એક પુરુષે આર્થિક તંગીથી કંટાળી ગળાફાંસો ખાઈ લીધો હતો. આ અંગે અલ્પેશભાઈ કનુભાઈ માલાણી (ઉ.વ.૩૦) એ જાહેર કર્યા મુજબ, કનુભાઈ શંભુભાઈ માલાણી (ઉ.વ.૬૦)ના પત્નીને ૧૭ વર્ષથી વા'ની બીમારી હતી. જેથી આર્થિક તંગીથી કંટાળી ગળાફાંસો ખાઈ લેતાં મરણ પામ્યા હતા. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.એસ. સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

ચલાલામાં રહેતા મુકેશભાઈ છગનભાઈ ધંધુકીયા (ઉ.વ.૬૦)એ જાહેર કર્યા મુજબ, રોનકભાઈ મુકેશભાઈ ધંધુકીયા (ઉ.વ.૨૨)એ પોતાની મેળે ઝેરી દવા પી લેતા મરણ પામ્યા હતા.

## સાવરકુંડલાના સીમરણ ગામે પરિણીતાને શારીરિક-માનસિક ત્રાસ આપી જાનથી મારી નાખવાની ધમકી

સાવરકુંડલા, તા.૧૮

સાવરકુંડલા તાલુકાના સીમરણ ગામે ઘરકામ જેવી નજીવી બાબતે પરિણીતાને મેણાટોણા મારી, શારીરિક અને માનસિક ત્રાસ ગુજારતા સાસરિયાઓ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. પતિ, સાસુ અને સસરાએ મળીને પરિણીતાને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. હાલ મોટા આંકડીયા ગામે રહેતા સ્નેહાબેન હિંમતભાઈ ચૌહાણ (ઉ.વ.૨૬)એ સીમરણ ગામે રહેતા પતિ કાર્તિકભાઈ દેવજીભાઈ દાફડા, સાસુ મંજુબેન દેવજીભાઈ દાફડા તથા સસરા દેવજીભાઈ મંગળાભાઈ દાફડા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત મુજબ, તેમના લગ્ન તારીખ ૧૯/૦૬/૨૦૧૫ના રોજ સીમરણ ગામના કાર્તિકભાઈ દેવજીભાઈ દાફડા સાથે થયા હતા. લગ્નજીવનના શરૂઆતના સમયથી જ ગત તારીખ ૧૭/૦૭/૨૦૨૫ સુધીના સમયગાળા દરમિયાન સાસરી પક્ષ દ્વારા પરિણીતાને ત્રાસ આપવામાં આવતો હતો. સાસુ મંજુબેન અને સસરા દેવજીભાઈ દ્વારા ઘરકામ બાબતે તેમજ કોઈ પણ વાંક વગર અવાર-નવાર મેણાટોણા મારી માનસિક દુઃખ આપવામાં આવતું હતું. સાસુ દ્વારા પરિણીતાને ગાળો પણ આપવામાં આવતી હતી. પતિ કાર્તિકભાઈએ નજીવી બાબતોમાં ઉશ્કેરાઈને ઢીકાપાટુનો મૂઢમાર મારી શારીરિક ઈજાઓ પહોંચાડી હતી. સાસરિયાઓએ એકબીજાની મદદગારી કરી પરિણીતાને ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

## રાજુલામાં રિદ્ધિ સિદ્ધિ ગજાનંદ મંદિરનો નવમો પાટોત્સવ યોજાશે



રાજુલા, તા.૧૮

રાજુલામાં જાફરાબાદ રોડ ખાતે લોહાણા મહાજન વાડી પાછળ આવેલ રિદ્ધિ સિદ્ધિ ગજાનંદ મંદિરનો નવમો પાટોત્સવ તા.૨૯.૦૧.૨૦૨૬ બુધવારના રોજ ઉજવવામાં આવશે. આ પાવન પાટોત્સવ નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શહેરના ભક્તજનો અને આસપાસના વિસ્તારના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. આયોજકો દ્વારા સર્વે ભક્તજનોને પરિવાર સાથે પધારવા આમંત્રણ છે. મહાયજ્ઞ ૨૯.૦૧.૨૦૨૬ સવારે ૮.૦૦થી ૫.૦૦ સુધી રહેશે. સાંજે ૪.૩૦ કલાકે બીડુ હોમાશે. ત્યારપછી સાંજે ૭.૩૦ કલાકે મહાપ્રસાદ યોજાશે.

## બગસરામાં ઘર પાસે ધૂળ ભરેલા ખોખા ફેંકવાની ના પાડતા પરિણીતા પર હુમલો

બગસરા, તા.૧૮

બગસરામાં નજીવી બાબતે થયેલી બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. ઘર પાસે ધૂળ ભરેલા ખોખા ફેંકવાની ના પાડતા એક પુરુષ અને બે મહિલાએ પરિણીતાને માર માર્યો હતો. આ અંગે શબનમબેન આસીફભાઈ અગવાન (ઉ.વ.૩૫)એ રેહાન હાસમભાઈ શાહમદાર, નુરીબેન હાસમભાઈ શાહમદાર તથા આસીયાનાબેન હાસમભાઈ શાહમદાર સામે ફરિયાદ નોંધાવી હતી. બગસરામાં રહેતા ફરિયાદી બહેનના ઘરની ડેલી પાસે રેહાન હાસમભાઈ શાહમદાર ધૂળ ભરેલા ખોખાનો ઘા કરતો હતો. આ ગંદકી જોઈને ફરિયાદીએ તેને ત્યાં કચરો ફેંકવાની ના પાડી હતી. આ બાબતનું મનદુઃખ રાખી આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને તેણે પોતાની અન્ય બે બહેનોને પણ બોલાવી લીધી હતી. રેહાને ઉશ્કેરાઈ જઈ લાકડી વડે ફરિયાદી બહેનના કમર અને વાંસાના ભાગે આડેધડ માર માર્યો હતો. આ દરમિયાન વચ્ચે છોડાવવા પડેલા સાહેદ સુનેરાબેનને પણ અન્ય આરોપીએ મળીને માર માર્યો હતો અને બેફામ ગાળો ભાંડી હતી. આ બનાવને પગલે સ્થાનિક વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. બગસરા પોલીસ સ્ટેશનના એએસઆઈ પી.ડી. કલસરીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## જિલ્લામાંથી ૨૬ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળ્યા

અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી ૨૬ ઈસમોને કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા ઝડપી પાડ્યા હતા. અમરેલીમાં બે જગ્યાએથી દેશી દારૂ બનાવવાનો ૧૦૦ લીટર આથો તથા મસુદ્રા ગામના પુલ પાસેથી ૮૦ લીટર આથો મળી કુલ ૧૮૦ લીટર આથો મળ્યો હતો. જિલ્લામાં ૨૮ ઈસમ પાસેથી પીવાનો દેશી મળ્યો હતો.

## ખાંભાના જીવાપર ગામે પોલીસ કેસના મનદુઃખમાં ડરાવવા આરોપીનો 'આત્મહત્યા'નો હાઈવોલ્ટેજ ડ્રામા

ખાંભા, તા. ૧૮

ખાંભા તાલુકાના જીવાપર ગામે એક જૂની પોલીસ ફરિયાદમાં સાક્ષી બનેલા વ્યક્તિને ડરાવવા અને કેસમાંથી પીછેહઠ કરાવવા માટે આરોપીઓએ ફરિયાદીના ઘરમાં ઘૂસી હંગામો મચાવ્યો હતો. આરોપીએ ઝેરી ટીકડા ખાઈને સાક્ષીનું નામ લખાવી દેવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. આ અંગે પ્રતાપભાઈ મોહનભાઈ હિરપરા (ઉ.વ.૫૦) એ સંજયભાઈ માધાભાઈ સરવૈયા તથા સંજયભાઈના પત્ની સામે ફરિયાદ નોંધાવી હતી. વિગત મુજબ, જીવાપર ગામના ઉપ સરપંચના પતિ મહેશભાઈ શામજીભાઈ હિરપરાએ ગત તા. ૦૨/૦૧/૨૦૨૬ના રોજ આરોપી સંજયભાઈ માધાભાઈ સરવૈયા અને તેના ભાઈ વિજયભાઈ સરવૈયા વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરી હતી. આ બાબતનું મનદુઃખ રાખી આરોપીઓએ ડરાવવાનું કાવતરું ઘડ્યું હતું. આરોપીઓએ ફરિયાદીના ઘરે ગુનાહિત પ્રવેશ કર્યો હતો. સંજયભાઈ માધાભાઈ સરવૈયાએ તેમને બેફામ ગાળો આપી ઘરની બહાર નીકળવા લલકાર્યા હતા. આરોપીએ ધમકી આપતા કહ્યું હતું કે, મારે મરી જવું છે, હું મારી સાથે અનાજમાં નાખવાના ઝેરી ટીકડા લાવ્યો છું. હું આ ટીકડા ખાઈને આપઘાત કરીશ અને તારું નામ લખાવી દઈશ. આટલું જ નહીં, આરોપીએ એવી પણ ધમકી આપી હતી કે મારી પત્નીને તારા ઘરે મૂકી દેવી છે અને તને જાનથી મારી નાખવો છે. સાક્ષીને ડરાવવા અને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપવા બદલ ખાંભા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આરોપીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા સ્થાનિકોમાં માંગ ઉઠી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.પી. ગાજીપરા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: એકમ
તા.૧૯-૦૧-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૭:૨૬,
સૂર્યાસ્ત-૦૬:૦૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ઉત્તરાષાઢા

### દૈનિક રાશિફળ

તા.૧૯-૦૧-૨૦૨૬ સોમવાર

- મેષ: આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે.
- વૃષભ: આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. સરકાર તરફથી વિશેષ સન્માન મળી શકે છે.
- મિથુન: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે.
- કર્ક: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણ વિકાર ઊભા થઈ શકે છે.
- સિંહ: આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે.
- કન્યા: આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી.
- તુલા: આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમે કોઈપણ રચનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં દિવસો વિતાવી શકો છો.
- વૃશ્ચિક: આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે.
- ધન: આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે.
- મકર: આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે.
- કુંભ: આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. પરિવારમાં સુખ, શાંતિ અને સ્થિરતાનો આનંદ માણો.
- મીન: આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ.

## કલેક્ટરના અધ્યક્ષસ્થાને ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક

**ધારાસભ્યોએ પોતાના વિસ્તારોના પ્રશ્નો રજૂ કર્યા**

અમરેલી,તા.૧૮

અમરેલી જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલા તેમજ ધારાસભ્ય જે.વી. કાકડીયા અને જનકભાઈ તળાવીયાની ઉપસ્થિતિમાં જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં જનપ્રતિનિધિઓએ ગ્રામ્ય અને શહેરી વિસ્તારના આંતરિક અને અન્ય રસ્તાઓ સાથે જોડતાં રસ્તાઓ, બાબરા જી.આઈ.ડી.સી ખાતે વિવિધ કારખાનાઓમાંથી નીકળતો ધુમાડો અને પ્રદૂષણ, નવા આધારકાર્ડ બનાવવા અને આધાર અપડેટ સેવા કેન્દ્રો, ગૌચર જમીન નીમ કરવી સહિતના પ્રજાલક્ષી પ્રશ્નોની રજૂઆત કરી હતી. ઉપરાંત બગસરા-હામાપુર હાઈવે પર વૃક્ષોના કટીંગ, સાવરકુંડલા ચોકડી નજીક જર્જરિત પુલને લઈને વાહનો માટે ડાયવર્ઝન, મુંજીયાસર-રફાળા રોડને પહોળો કરવાની બાબત, લીલીયા ખાતે નવા બસ સ્ટેશનના બાંધકામની કામગીરીને લઈને ક્વોલિટી કામ થાય તે બાબત, રાજુલા અને વેરાવળ એસ.ટી.ની બસને નિયમિત શરૂ કરવી, કૃષિ રાહત પેકેજ વર્ષ ૨૦૨૫ અન્વયે ચૂકવણા સહિતની બાબતે જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજે સમીક્ષા હાથ ધરી હતી અને સંબંધિત અધિકારીઓને જરૂરી દિશાનિર્દેશ આપ્યા હતા.

## અમરેલીમાં વીર શહીદ મનીષ મહેતાની સ્મૃતિમાં આજે રક્તદાન કેમ્પ યોજાશે

અમરેલી, તા.૧૮

વીર શહીદ મનીષ મહેતા મેમોરીયલ ટ્રસ્ટ અને સિવિલ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે આજે ૧૯ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ એક ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. શહીદ મનીષ મહેતાના તૃતીય પુણ્યતિથિ (બલિદાન દિવસ) નિમિત્તે તેમને રક્તદાન રૂપી 'વીરાંજલિ' અર્પણ કરવા માટે આ સેવાકીય પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. આ કેમ્પ સોમવારે સવારે ૯:૦૦ થી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી, મેગા મોલ એસ.ટી. ડેપો કોમ્પ્લેક્સ, હરિઓમ સ્વીટની બાજુમાં, અમરેલી ખાતે યોજાશે. આયોજકો દ્વારા વ્યવસ્થાના ભાગરૂપે રક્તદાતાઓને અગાઉથી નામ નોંધણી કરાવવા નમ્ર વિનંતી કરવામાં આવી છે. નામ નોંધાવવા માટે મો. ૯૫૫૮૪૭૩૩૭૩ અથવા ૮૨૦૦૧૦૬૨૭૬ પર સંપર્ક કરી શકાશે.

## ખાંભાના જામકા ગામે જમીન વેચાણના રૂ. ૧.૮૨ લાખ માંગવા બદલ હુમલો

ખાંભા, તા.૧૮

ખાંભા તાલુકાના જામકા ગામે જમીન વેચાણના નાણાં બાબતે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. પિતાના ભાગની જમીન વેચ્યા બાદ મળવાપાત્ર રકમની ઉઘરાણી કરવા બદલ ગાળો આપી, કુહાડી અને લોખંડના પાઈપ વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા ચકચાર મચી ગઈ હતી. આ અંગે બાબુભાઈ અરજણભાઈ આંબલીયાએ અરજણભાઈ આંબલીયા તથા મનીષભાઈ સવજીભાઈ આંબલીયા સામે ફરિયાદ નોધાવી હતી. મળતી માહિતી મુજબ, ફરિયાદીના પિતાના ભાગની સાડા સાત વીઘા ડુંગરાવાળી જમીન વેચવામાં આવી હતી. આ જમીન વેચાણના નાણાંમાંથી ફરિયાદીના ભાગે રૂ. ૧,૮૨,૦૦૦/- આવતા હતા, જે રકમ અરજણભાઈ આંબલીયા પાસે હતી. ફરિયાદી આ રકમ લેવા માટે આરોપીના ઘરે ગયા હતા. જ્યારે ફરિયાદીએ પોતાના હકના પૈસા માંગ્યા, ત્યારે અરજણભાઈ આંબલીયાએ ઉશ્કેરાઈને કહ્યું હતું કે, "તારા પૈસા નથી દેવાના, તારે જે થાય તે કરી લેજે અને જ્યાં જવું હોય ત્યાં જા." તેમણે ગાળો બોલવાની ના પાડતા મામલો બિચક્યો હતો. અરજણભાઈ આંબલીયા હાથમાં કુહાડી લઈ ફરિયાદીને મારવા દોડ્યો હતો. આ ઉપરાંત લોખંડનો પાઈપ લઈ તેમના 'ટાંટિયા ભાંગી નાખવા'ના ઈરાદે હુમલો કરવા ધસ્યો હતો. બંને આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ફરિયાદીને બેફામ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

## ધારીમાં લગ્ન માટે દબાણ કરીને ધમકાવતા યુવતીએ એસિડ પી આપઘાતનો પ્રયાસ કર્યો

**યુવતીના ભાઈને પણ જાનથી મારવાની ધમકી આપી**

ધારી, તા.૧૮

ધારી શહેરમાં એક તરફી પ્રેમમાં પાગલ બનેલા શખ્સના ત્રાસના કારણે એક યુવતીએ એસિડ ગટગટાવી લેતા ચકચાર મચી ગઈ હતી. આરોપી દ્વારા યુવતીને લગ્ન કરવા માટે દબાણ કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવતી હોવાનું સામે આવ્યું હતું. આ અંગે યુવતીના પિતાએ ચલાલામાં રહેતા સંજયભાઈ પાટડીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપી શખ્સ તેમની દીકરી સાથે લગ્ન કરવા માટે સતત દબાણ કરતો હતો. આરોપી દ્વારા યુવતીને અવારનવાર ધમકીઓ આપવામાં આવતી હતી કે જો તે તેની સાથે લગ્ન નહીં કરે તો પરિણામ ભોગવવા પડશે. આરોપીનો ત્રાસ માત્ર યુવતી પૂરતો મર્યાદિત નહોતો. ફરિયાદીના પુત્રને પણ આરોપીએ બેફામ ગાળો આપી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આરોપીના આ સતત માનસિક ત્રાસ અને પરિવાર પર આવી પડેલી આફતથી કંટાળીને અંતે ફરિયાદીની દીકરીએ પોતાની મેળે એસિડ પી લીધું હતું. આરોપીના ત્રાસને કારણે યુવતીએ આવું ડગલું ભરતા સ્થાનિક પંથકમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ હતી. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.જે. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

## તંત્રી લેખ

# ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર

ગુજરાત વિધાનસભાનો ઈતિહાસ રાજ્યના લોકશાહી વિકાસ સાથે ગાઢ રીતે જોડાયેલો છે. મુંબઈ રાજ્યમાંથી અલગ થઈને ૧ મે ૧૯૬૦ના રોજ ગુજરાત રાજ્યની રચના થઈ અને તે જ દિવસે ગુજરાત વિધાનસભાનું સત્તાવાર રીતે અસ્તિત્વ આવ્યું. નવી રાજ્ય રચના સાથે જ જનતાના પ્રતિનિધિત્વ માટે વિધાનસભાની સ્થાપના કરવામાં આવી, જે રાજ્યના કાયદા બનાવવાની અને સરકાર પર નિયંત્રણ રાખવાની મુખ્ય સંસ્થા બની. શરૂઆતમાં વિધાનસભાની બેઠક અમદાવાદમાં યોજાતી હતી, પરંતુ બાદમાં ગાંધીનગરને રાજ્યની રાજધાની બનાવવામાં આવી અને ત્યાં ગુજરાત વિધાનસભાનું ભવ્ય ભવન નિર્માણ પામ્યું.

ગુજરાતના પહેલા મુખ્યમંત્રી તરીકે જીતુભાઈ પટેલે નહીં પરંતુ જીવરાજ મહેતાએ રાજ્યને દિશા આપી હતી. તેમણે નવી રચાયેલી રાજ્યવ્યવસ્થાને મજબૂત પાયો આપ્યો અને વહીવટી માળખું ઊભું કર્યું. તેમના પછી અનેક મુખ્યમંત્રીઓએ પોતાની શૈલી અને દૃષ્ટિ સાથે રાજ્યના વિકાસમાં યોગદાન આપ્યું. આજના સમયમાં ભૂપેન્દ્ર પટેલ ગુજરાતના ૧૭મા મુખ્યમંત્રી તરીકે કાર્યરત છે. તેઓએ ૨૦૨૧માં મુખ્યમંત્રી પદ સંભાળ્યું અને વહીવટમાં સરળતા, વિકાસલક્ષી યોજનાઓ અને નાગરિક કેન્દ્રિત નીતિઓ પર ભાર મૂક્યો છે.

વિધાનસભાની કામગીરીમાં બજેટ સત્રનું વિશેષ મહત્વ છે. દર વર્ષે સરકાર દ્વારા રજૂ થતું બજેટ રાજ્યની આર્થિક દિશા નક્કી કરે છે. ગુજરાત વિધાનસભામાં અત્યાર સુધી અનેક બજેટ સત્રો યોજાઈ ચૂક્યા છે, જેમાં રાજ્યની આવક-ખર્ચની યોજના પર ચર્ચા કરીને મંજૂરી આપવામાં આવી છે. આ પ્રક્રિયા લોકશાહીના પારદર્શક સ્વરૂપને દર્શાવે છે, જ્યાં જનતાના પૈસાનો ઉપયોગ કેવી રીતે થવાનો છે તેની ચર્ચા ખુલ્લેઆમ થાય છે.

ગુજરાતના ઈતિહાસમાં બજેટનું કદ સતત વધતું ગયું છે. પ્રારંભિક વર્ષોમાં બજેટની રકમ સીમિત હતી, પરંતુ ઔદ્યોગિકીકરણ, શહેરીકરણ અને વિકાસ યોજનાઓના વિસ્તરણ સાથે બજેટનો આકાર પણ વિશાળ બન્યો. છેલ્લા લગભગ પચાસ વર્ષોમાં સૌથી મોટી રકમનું બજેટ તાજેતરના વર્ષોમાં રજૂ થયું હોવાનું સામાન્ય રીતે પ્રસિદ્ધ થતું આવ્યું છે. તેમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, માર્ગ અને પરિવહન, આરોગ્ય, શિક્ષણ, પાણી પુરવઠા અને સામાજિક સુરક્ષા માટે મોટી જોગવાઈઓ કરવામાં આવી છે. આ મોટાં બજેટ ગુજરાતની આર્થિક ક્ષમતા અને વિકાસની ગતિને પ્રતિબિંબિત કરે છે.

ગુજરાત વિધાનસભામાં અત્યાર સુધીમાં દર વર્ષે નિયમિત રીતે બજેટ સત્રો યોજાતા આવ્યા છે. રાજ્ય રચના પછીથી અનેક દાયકાઓમાં દસકાઓની સંખ્યામાં બજેટ સત્રો પસાર થયા છે, જેમાં દરેક બજેટ રાજ્યની બદલાતી જરૂરિયાતો અને વિકાસની પ્રાથમિકતાઓને ધ્યાનમાં રાખીને મંજૂર કરવામાં આવ્યું છે.

# પુષ્પ ૧૧

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ત્રીજા સરસંઘચાલક બાળાસાહેબ દેવરસનું પૂરું નામ મધુકર દત્તાત્રય દેવરસ હતું. તેમનો જન્મ ૧૧ ડિસેમ્બર ૧૯૧૫ ના રોજ નાગપુરમાં થયો હતો. તેમના પિતા દત્તાત્રય ઉર્ફે ભૈયાજી દેવરસ મહેસુલ વિભાગમાં સરકારી અધિકારી હતા. તેમના માતા ધાર્મિક હતા. તેથી બધા બાળકોને સારા ધાર્મિક મૂલ્યો મળ્યા. બાળાસાહેબના કુટુંબમાં પાંચ ભાઈઓ અને ચાર બહેનો હતા. એટલે કે નવ ભાઈ-બહેનોમાં બાળાસાહેબ ચોથા નંબરના ભાઈ હતા. ઘરમાં બધા તેને પ્રેમથી બાળ કહેતા. તેથી પાછળથી તેમનું નામ બાળાસાહેબ પ્રચલિત થયું. તેમના પછીના ભાઈ ભાઉરાવ દેવરસજી હતા. બાળપણથી જ બાળે શાખામાં જવાનું શરૂ કર્યું. તે તેમના દલિત સ્વયંસેવક મિત્રોને રાત્રિ ભોજન માટે ઘરે લાવતા અને તેની માતાને કહેતા, "આ મારા મિત્રો છે. તે મારી સાથે રસોડામાં જમશે." માતાએ પણ ક્યારેય ના પાડી નહીં. તે સમયના પરંપરાગત વાતાવરણને ધ્યાનમાં લેતા આ બાબત અસાધારણ માનવામાં આવશે.

ઈ.સ. ૧૯૨૫ માં ડૉ. હેડગેવારજીએ સંઘની શાખા શરૂ કરી અને ૧૯૨૭ માં એક બાર વર્ષનો બાળક સ્વયંસેવક તરીકે શાખામાં આવવા લાગ્યો. એક વાર તેઓ સંઘના સંપર્કમાં આવ્યા પછી તેમનું આખું જીવન સંઘમય થઈ ગયું. બાળાસાહેબની સાથે ભાઉરાવ પણ સંઘમાં જોડાયા. એક જ પરિવારના આ બે ભાઈઓ સંઘના મહાન કાર્યકર્તા બન્યા. તે એક દુર્લભ સંયોગ હતો. પહેલા ગટનાયક, પછી ગણશિક્ષક, પછી શાખાના મુખ્ય શિક્ષક, પછી કાર્યવાહ - આ રીતે બાળાસાહેબે સંઘના દરેક પદ પર કામ કરવાનો અનુભવ મેળવ્યો. નાગપુર શહેરમાં ઈતવારી શાખા સૌથી પાછળ હતી. પરંતુ બાળાસાહેબે તે શાખાની કમાન સંભાળતાની સાથે જ એક વર્ષમાં તે શાખા બધી શાખાઓમાં શ્રેષ્ઠ બની ગઈ.

બાળાસાહેબ ઈ.સ. ૧૯૩૭ માં પુણેના સંઘ શિક્ષા વર્ગના મુખ્ય શિક્ષક બન્યા. તેમણે આ કામ ખૂબ જ સારી રીતે કર્યું. આ સમયે તેમની ઉંમર માત્ર ૨૨ વર્ષની હતી. ઈ.સ. ૧૯૪૦ માં ડૉ. હેડગેવારજીના છેલ્લા દિવસોમાં બાળાસાહેબને કોલકત્તા પાછા બોલાવવામાં આવ્યા. ગુરુજીને બાળાસાહેબ પ્રત્યે કેટલો ઊંડો આદર હતો તે સમયના સમયાંતરે આપેલા વક્તવ્ય પરથી સ્પષ્ટ થાય છે. ઈ.સ. ૧૯૪૩ માં આયોજિત સંઘ શિક્ષણ વર્ગમાં બાળાસાહેબનો પરિચય કરાવતી વખતે ગુરુજીએ કહ્યું, "તમારામાંથી ઘણા સ્વયંસેવકોએ ક્યારેય ડૉ. હેડગેવારજીને જોયા નહીં હોય, તેમણે બાળાસાહેબને જોવા જોઈએ. તેમને ખબર પડશે કે ડોક્ટરજી કેવા હતા." આ ઘટના ઈ.સ. ૧૯૪૪ કે ૧૯૪૫ માં બની હતી. ગુરુજી ઘોડાગાડીમાં રેશમીબાગ સંઘસ્થાનમાં એક ઉત્સવમાં જઈ રહ્યા હતા. આ કાર્યક્રમ માટે બાળાસાહેબ પણ ત્રણ ચાર સ્વયંસેવકો સાથે ચાલતા જોવા મળ્યા હતા. કૃષ્ણરાવ મોહરિલ તેમની બાજુમાં બેઠા હતા. ગુરુજીએ તેમને કહ્યું, "સાચો સરસંઘચાલક પગપાળા જઈ રહ્યો છે અને નકલી ઘોડાગાડીમાં જઈ રહ્યો છે."

સરસંઘચાલક તરીકે બાળાસાહેબ દેવરસનો કાર્યકાળ ઉથલપાથલથી ભરેલો હતો. પરંતુ તે હિંદુત્વ જાગૃતિનો સમયગાળો હતો. સરસંઘચાલક તરીકે વસંત વ્યાખ્યાન શ્રેણીમાં સામાજિક સમાનતા અને હિન્દુ સંગઠન પરનું તેમનું ભાષણ સંઘની ભૂમિકા સ્પષ્ટ કરી રહ્યું હતું. કટોકટી, જનતા પાર્ટીની સરકાર, મીનાક્ષીપુરમ ધર્મપરિવર્તન, રામ જન્મભૂમિ મુક્તિ આંદોલન, ખાલીસ્તાન આંદોલન, બાબરી ઢાંચાનો ધ્વંસ - આવી ઘણી ઘટનાઓ તેમના કાર્યકાળ દરમિયાન બની. આ સમયગાળા દરમિયાન જ લોકોને બાળાસાહેબની દીર્ઘદ્રષ્ટિ અને નેતૃત્વનો પરિચય થયો. બાળાસાહેબ સરસંઘચાલક પદની જવાબદારી સંભાળે તે પહેલા જ સરકારી સ્તરે સંઘને દબાવવાના પ્રયાસો ચાલી રહ્યા હતા. કટોકટી દરમિયાન આ સંગઠન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. બાળાસાહેબ દેવરસની ધરપકડ કરવામાં આવી અને તેમને યરવડા જેલમાં રાખવામાં આવ્યા. તેમણે સ્વયંસેવકોનું મનોબળ વધારતા કહ્યું, “આ અત્યાચાર સામેની લડાઈ છે.” કટોકટી પૂરી થયા પછી તેમણે ‘ભૂલી જાઓ અને ક્ષમા કરો’નો સંદેશ આપ્યો અને હિન્દુઓને ફરીથી સંગઠિત કરવાનું આહ્વાન કરવા કાર્યકર્તાઓને માર્ગદર્શન પણ આપ્યું. કટોકટી પછી જનતા પાર્ટીની સરકાર સત્તામાં આવી. પરંતુ થોડા દિવસોમાં જ સંઘના સંગઠન અને વિચારધારા અંગે વિવિધ શંકાઓ ઊભી થવા લાગી. હિન્દુ રાષ્ટ્રની ધારણાને પ્રતિગામી ગણાવવામાં આવી. આ સંદર્ભમાં બાળાસાહેબ દેવરસે ઈ.સ. ૧૯૭૯ ના વિજયાદશમી ઉત્સવમાં કહ્યું હતું કે, “હિન્દુ રાષ્ટ્ર સંઘના બંધારણમાં નથી, પરંતુ તેની પ્રાર્થનામાં છે. હિન્દુસ્તાન શબ્દ શરૂઆતથી જ નકશા પર રહ્યો છે. આપણું રાષ્ટ્રીય જીવન પ્રાચીન છે, ફક્ત ૧૯૪૭ થી નથી, ફક્ત દોષારોપણ કરતા રહેવું અન્યાયી છે. કયા સમાજમાં ખામીઓ હોતી નથી ? આપણા મનમાં કોઈ મૂંઝવણ ન હોવી જોઈએ.

ઈ.સ. ૧૯૮૦ ના વિજયાદશમીની ઉજવણી દરમિયાન હિન્દુ ધર્મ, હિન્દુત્વ અને પ્રાચીન હિન્દુ પરંપરા ઉપર હુમલો કરનારા કહેવાતા પ્રગતિશીલ સામે બાળાસાહેબે એક ખાસ મુદ્દો ઉઠાવ્યો હતો. “અફઘાનિસ્તાન, ઈરાન, ઈરાક વગેરે દેશોમાં ક્યાંય ધર્મનિરપેક્ષતા, લોકશાહી અને સમાજવાદની વાત થતી નથી. પરંતુ આ ચર્ચાઓ હંમેશા ભારતમાં થતી રહે છે. કારણ કે ભારતમાં હિન્દુઓ બહુમતી ધરાવે છે. જો હિન્દુઓની સંખ્યા ઘટશે તો અહીં પણ કોઈ તેના વિશે વાત કરશે નહીં.” બાળાસાહેબ દેવરસજીના વિચારો પાછળ સામાજિક જીવનમાં બનતી ઘટનાઓનો આધાર હતો. થોડા સમયમાં સત્તા પરિવર્તન થયું. જનતા પાર્ટીની સરકાર પડી ગઈ અને ઈન્દિરા ગાંધી પ્રચંડ બહુમતી સાથે સત્તામાં આવ્યા. ભારતીય જનતા પાર્ટીની સ્થાપના થઈ અને તત્કાલીન જનસંઘના કાર્યકરો ગાંધીવાદી સમાજવાદના આદર્શોને અપનાવીને રાજકારણમાં સક્રિય થયા. પરંતુ ટૂંક સમયમાં જ તેમને આ ગાંધીવાદી સમાજવાદની નિરર્થકતાનો અહેસાસ થવા લાગ્યો. આવા સમયે બાળાસાહેબ દેવરસે ભાજપાને તેના મૂળ અને તેના મૂળ તત્વોથી વાકેફ કરવાની જવાબદારી સૂપેરે નિભાવી.



## વિચારપૂંજ

સંકલન - હું એક સામાન્ય સ્વયંસેવક
(રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો)

# આવરણ અને અનાવરણની સમજ એક અલગ અંદાજમાં

સામાન્ય રીતે આવરણ એટલે પડદો ઢાંકવો અને અનાવરણ એટલે પડદો ખોલવો એવો સામાન્ય અર્થ આપણે સમજીએ છીએ અને એટલે જ મહાપુરુષોની પ્રતિમા કે કોઈ તકતીના અનાવરણ કાર્યક્રમ થતાં હોય છે. આજે આપણે આ બંને શબ્દોના શુક્ષ્મ અર્થને વિશાળતાથી સમજવા પ્રયત્ન કરીએ. માનવજીવન સતત આવરણ અને અનાવરણ વચ્ચે ઝૂલતું રહે છે. ક્યારેક આપણે સત્યને ઢાંકીને મૌન રહીએ છીએ અને ક્યારેક સમય પોતે જ એને બોલાવીને બહાર લાવે છે. સમાજ હોય કે વ્યક્તિ, સત્તા હોય કે સંપત્તિ, વેપાર હોય કે વ્યવહાર, આ બે શબ્દો બધે સાથે જ હોય છે. માનવજીવનમાં આવરણ અને અનાવરણ માત્ર શબ્દો નથી; એ જીવનના બે સત્ય ચહેરા છે. આવરણ એટલે છુપાવવું. ક્યારેક પરિસ્થિતિને કારણે, ક્યારેક ભયને કારણે, તો ક્યારેક સ્વાર્થને કારણે આવરણ રાખતા હોઈએ. આવરણ હંમેશા ખોટું નથી. સંસ્કાર, સંવેદના અને સમયની સમજ સાથે કરાયેલું આવરણ સંબંધોને બચાવે છે. અનાવરણ એટલે નિર્ભયતા સાથે, જવાબદારી સાથે અને સમાજહિત માટે સત્યને ઉજાગર કરવું. સમાજમાં ઘણી વાર આવરણ જરૂરી બને છે. દરેક સત્યને દરેક ક્ષણે જાહેર કરવું હંમેશા હિતાવહ નથી. માતા પોતાના સંતાનને દુઃખથી બચાવવા જે મૌન રાખે છે, એ આવરણ કરુણાનું હોય છે. ગુરુ શિષ્યને સમય પહેલાં બધું ન કહે, એ પણ એક સંસ્કારજન્ય આવરણ જ છે પરંતુ આવરણ જ્યારે સ્વાર્થ, અહંકાર કે અન્યાયને ઢાંકવા માટે થાય, ત્યારે એ સમાજ માટે જોખમી બને છે. ભ્રષ્ટાચાર, શોષણ, અસત્ય આ બધું આવરણની આડમાં ફૂલેફાલે છે. અહીં અનાવરણ અનિવાર્ય બની જાય છે. સત્યનું અનાવરણ જેટલું મોડું થાય, તેટલું નુકસાન મોટું થાય છે. સત્ય બહાર આવે ત્યારે વિશ્વાસ પુનઃસ્થાપિત થાય છે. આજના ડિજિટલ યુગમાં અનાવરણ ઝડપી થયું છે. મીડિયા, સોશિયલ પ્લેટફોર્મ અને નાગરિક જાગૃતિએ અનેક છુપાયેલા સત્ય બહાર કાઢ્યા છે પરંતુ સાથે સાથે અર્ધસત્ય અને અફવાઓનું પણ અનાવરણ થતું રહે છે, જે સમાજને ગેરમાર્ગે દોરે છે. એટલે અનાવરણ સાથે સંયમ અને જવાબદારી પણ એટલી જ જરૂરી છે. એટલે કે વિવેક સાથેનું અનાવરણ વિનાશ અટકાવે છે. વ્યક્તિગત જીવનમાં પણ આવરણ-અનાવરણનું સંતુલન આવશ્યક છે. દરેક બાબત જાહેર કરવી એ પ્રામાણિકતા નથી અને કેટલીક વિગતો છુપાવવી એ પાખંડ નથી. સ્થળ, સમય અને સંબંધ મુજબ નિર્ણય લેવો એ જ જીવનકળા છે.

અંતે, આવરણ અને અનાવરણ બન્નેનો હેતુ જો માનવમૂલ્યોની રક્ષા અને સમાજના હિતમાં હોય, તો જ તે અર્થપૂર્ણ બને છે. સત્યને છુપાવવું પાપ છે અને સત્યને સમજદારી વગર ઉજાગર કરવું પણ ઘોર અપરાધ છે. જીવનનો સાચો માર્ગ એ છે કે જ્યાં આવરણ સંસ્કાર બને અને અનાવરણ સાહસ. આવરણ જ્યારે સ્વાર્થ, અહંકાર અને અન્યાય છુપાવવાનું સાધન બને, ત્યારે અનાવરણ ફરજ બની જાય છે. સત્યને સમજદારી સાથે ઉજાગર કરવું, સોશિયલ જવાબદારી સાથે અનાવરણ કરવું એ જ જીવનનો સાચો માર્ગ છે. આજે માહિતીની ભરમાર છે, અડધી સચ્ચાઈને સંપૂર્ણ સત્ય તરીકે રજૂ કરવું એ પણ એક અન્યાયી અનાવરણ છે. અનાવરણ એવું હોવું જોઈએ કે જે ઘા ઉપર નમક નહિ પણ ઘાવ ઉપર મલમ લગાવે. અખબારી પાનાંઓ માત્ર અક્ષરો નથી, એ સમાજનું દર્પણ છે. શબ્દો નિર્ભય પણ હોવા જોઈએ સાથે સંવેદનશીલ પણ હોવા જોઈએ. જીવનમાં ક્યારે બોલવું, ક્યારે મૌન રાખવું એ જ પ્રૌઢતા છે. પત્રકારત્વ ત્યારે જ જીવંત રહે છે જ્યારે તે સત્ય ઉજાગર કરે અને સંવેદના વિના સનસની ના ફેલાવે. અંતમાં એટલું કહી શકાય કે આવરણ જો માનવતાનું રક્ષણ કરે તો શુભ ગણાય છે અને અનાવરણ જો સમાજને જાગૃત કરે તે જરૂરી છે. સત્યને હંમેશા છુપાવવું એ અંધકાર છે અને સત્યને સમજ્યા વગર ઉજાગર કરવું એ પણ એક અપરાધ છે. જીવનનો સાચો રસ્તો આ બે વચ્ચેનું સંતુલન છે.



## મનન ચિંતન
ભરત બાવીશી

**આવરણમાં છુપાયેલું સત્ય પણ એક દિવસ બોલે છે,**
**વખત આવે ત્યારે મૌન પણ ઈતિહાસ ખોલે છે.**
**અનાવરણ કરે જે સંયમથી, એ જ કલમ અમર થાય,**
**“બાવીશી” સત્ય ચીસોથી નહીં, સમજદારીથી ડોલે છે.**

# ભીખીબેન પટેલ : બારડોલી સત્યાગ્રહની મૌન પરંતુ મહાન નાયિકા

તાજેતરમાં બારડોલી સત્યાગ્રહ છાવણીની મુલાકાત લીધી. સ્વાતંત્ર્ય સંગ્રામના ઈતિહાસનું એક એક પાનું આર્ટ ગેલેરીમાં જોતા જોતા ભારતના સ્વતંત્રતા સંગ્રામની ગાથાઓમાં અનેક નામ ગુંજે છે. પરંતુ કેટલીક એવી મહાન આત્માઓ છે જેમણે ઈતિહાસ ઘડ્યો છતાં ઈતિહાસમાં પોતાનું નામ લખાવ્યું નથી. એવી જ એક અદૃશ્ય પરંતુ અડગ શક્તિનું નામ છે ભીખીબેન પટેલ. બારડોલી સત્યાગ્રહની આત્મા બની રહેલી આ નારીશક્તિએ સાબિત કર્યું કે નેતૃત્વ હોદ્દાથી નહીં, પરંતુ હિંમત અને સંકલ્પથી જન્મે છે.



૧૯૨૮ના બારડોલી સત્યાગ્રહ સમયે અંગ્રેજ સરકાર દ્વારા જમીન કરમાં અન્યાયી વધારો કરવામાં આવ્યો. ખેડૂત સમાજ પર આર્થિક અને માનસિક ત્રાસનો પહાડ તૂટી પડ્યો. ત્યારે સરદાર વલ્લભભાઈ પટેલે આંદોલનનું નેતૃત્વ સંભાળ્યું, પરંતુ આ સંઘર્ષને જીવંત રાખનાર શક્તિ હતી, ગ્રામીણ મહિલાઓ. આ મહિલાઓને સંગઠિત કરવાનું, તેમને અડગ રાખવાનું અને અન્યાય સામે ઊભા રાખવાનું કાર્ય ભીખીબેન પટેલે કર્યું.

ભીખીબેન પટેલ કોઈ મંચ પર ભાષણ આપનારા નેતા ન હતા. તેઓ તો ગામેગામ ફરીને સ્ત્રીઓને સમજાવનારા, તેમને આત્મસન્માનની ભાષા શીખવનારા અને ભયને હિંમતમાં ફેરવનારા માર્ગદર્શક હતા. જ્યારે પુરુષો પર દબાણ વધતું, ત્યારે ભીખીબેન મહિલાઓને કહેતા -

“ઘર જાય તો જાય, પરંતુ ઈજ્જત, એકતા અને સત્ય ન જવું જોઈએ.”

આ શબ્દો સ્ત્રીઓના હૃદયમાં દીવો બની પ્રગટ્યા.

જ્યારે અંગ્રેજ અધિકારીઓ ઘર જપ્ત કરવા, પશુ લઈ જવા અને જમીન કબજે કરવા આવ્યા, ત્યારે સૌથી પહેલા રસ્તામાં ઊભી રહેનાર મહિલાઓ હતી. લાઠી, ધમકી અને અપમાન સામે પણ તેઓ શાંતિપૂર્વક અડગ રહ્યા. આ અડગતાની પાછળ ભીખીબેન પટેલનું મજબૂત નેતૃત્વ હતું, જે મહિલાઓને શિસ્ત, સહનશીલતા અને સાહસ શીખવતું.

આ જ મહિલાઓએ સરદાર વલ્લભભાઈ પટેલને પ્રેમ અને વિશ્વાસથી “અમારા સરદાર” કહી સંબોધ્યા. આ બિરૂદ કોઈ સત્તાનું નહતું, પરંતુ સંઘર્ષમાં વિશ્વાસનું પ્રતિક હતું. સરદાર પટેલની સરદારી પાછળ ભીખીબેન પટેલ અને બારડોલીની મહિલાઓની હિંમત, ત્યાગ અને સંકલ્પ છુપાયેલા હતા.

આંદોલન પછી પણ ભીખીબેન પટેલે સમાજસેવામાં સતત યોગદાન આપ્યું. તેમણે મહિલાઓમાં શિક્ષણ, સ્વાભિમાન અને એકતાના સંસ્કાર રોપ્યા. તેમની પ્રેરણાથી અનેક મહિલાઓ જાહેર જીવનમાં આગળ આવી અને ગામડાંમાં સામાજિક ચેતના મજબૂત બની.

દુર્ભાગ્યે, ભીખીબેન પટેલનું નામ ઈતિહાસના પાનાંઓમાં બહુ ઓછું જોવા મળે છે. પરંતુ બારડોલીની માટી આજે પણ તેમના પગલાંની સાક્ષી આપે છે. તેમણે ગ્રામીણ મહિલાઓને રાજકીય રીતે જાગૃત કરી, તેમને સંઘર્ષની ભાગીદાર બનાવી અને સાબિત કર્યું કે નારીશક્તિ ફક્ત સહન કરવાની નથી, તે ઈતિહાસ ઘડવાની પણ શક્તિ ધરાવે છે.

ભીખીબેન પટેલ માત્ર એક વ્યક્તિ નહીં, પરંતુ એક વિચાર છે. એવો વિચાર જે કહે છે કે ઈતિહાસ ઘણીવાર મૌન લોકો દ્વારા રચાય છે. અને આવી મૌન પરંતુ મહાન શક્તિઓને ઓળખવી, યાદ રાખવી અને આવનારી પેઢી સુધી પહોંચાડવી એ જ સાચી શ્રદ્ધાંજલિ છે.



## ઝાકળનું એક બિંદુ
હિરેન હિરપરા

## :: તિખારો ::

**સમયે ઘણા સાચા ચહેરા બતાવી દિધા. બાકી આંધળા વિશ્વાસે તરતા વહાણ પણ ડુબાડી દીધા છે. પ્રશંસાથી મળતા લાભ ટૂંકા સમય માટે હોય છે. લોકોને તમારા વ્યક્તિત્વની જરૂર પડવી જોઈએ, ગરજ નહીં.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801



# અઠવાડિક ખેતી કાર્યો





**શે**રડી : શેરડીના પાકમાં પાંદડા પીળા પડવાનું કારણ વાયરસની સમસ્યા છે. આ વાયરસ મોલો (મેલાનોફિસ સેકચારી અને રોપાલોસિફમ માયડિસ) દ્વારા ફેલાય છે. વાયરસના કારણે પાંદડાની મધ્ય શીરા પીળી પડે છે, નવા પાંદડા સુકાઈ જવા લાગે છે, શેરડીનો વિકાસ ઓછો થાય છે, પાંદડા વિકૃત થવા લાગે છે, છોડ ગુચ્છા જેવો દેખાવા લાગે છે. વાયરસની આ સમસ્યાના નિવારણ માટે મોલોનું નિયંત્રણ કરવું જરૂરી છે, જેના માટે લીમડાનું તેલ અથવા કાર્બનિક પદાર્થોનો છંટકાવ કરવો. રાસાયણિક રીતે નિયંત્રણ કરવા માટે થાયોમેથોક્સમ ૭૫% SG ૧૦૦ ગ્રામ અથવા કેપ્ટન ૭૦% + હેક્સાકોનાઝોલ ૫% WP ૪૦૦ ગ્રામ પ્રતિ એકર છંટકાવ કરો.

**ચણાઃ સુકારોઃ**

● **ઓળખઃ** જમીનજન્ય ફૂગથી થતો આ રોગ પાકની કોઈ પણ અવસ્થાએ જોવા મળે છે. ફૂગ છોડના મૂળમાં દાખલ થઈ રસવાહિનીઓ બંધ કરી દે છે. જેને કારણે અસરગ્રસ્ત છોડ ધીમે ધીમે સુકાઈ જાય છે.

● **રોગ વ્યવસ્થાપનઃ** ઉનાળે ઊંડી ખેડ કરવી. પાકની ફેરબદલી કરવી. રોગપ્રતિકારક જાતોનું વાવેતર કરવું. બિયારણને વાવતા પહેલા ટેબ્યુકોનાઝોલ ૫.૪ એફ.એસ. ૦.૪ મિ.લિ. અથવા પ્રોક્લોરાઝ ૫.૭ + ટેબ્યુકોનાઝોલ ૧.૪ ઈ.એસ. ૦.૩ મિ.લિ. પ્રતિ એક કિલોગ્રામ બિયારણ મુજબ પટ આપી વાવેતર કરવું.

**સ્ટંટઃ** ● **ઓળખઃ** વિષાણુજન્ય આ રોગ પાકની શરૂઆતની અવસ્થામાં આવે તો છોડ કદમાં નાના રહી જાય છે. ડાળીની બે આંતરગાંઠ વચ્ચેનું અંતર ઘટી જાય છે. પાછલી અવસ્થામાં રોગ લાગે તો પાન પીળા અથવા ભૂખરા અને તાંબા જેવા રંગના થઈ જાય છે. પાન અને થડ બરડ અને જાડા થઈ જાય છે. છોડના મૂળ કાળા પડી જાય છે.

● **રોગ વ્યવસ્થાપનઃ** રોગપ્રતિકારક જાતોનું વાવેતર કરવું. રોગિષ્ટ છોડ ખેતરમાં દેખાય કે તરત જ ઉપાડી તેનો નાશ કરવો. આ રોગો મોલોમશી મારફત ફેલાતો હોવાથી તેના નિયંત્રણ માટે શોષક પ્રકારની કિટનાશક જેવી કે, ડાયમીથોએટ ૩૦ ઈ.સી. (૧૦ મિ.લિ./૧૦ લિટર પાણી) મુજબનું દ્રાવણ બનાવી જરૂરત મુજબ છંટકાવ કરવો.



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

**શાકભાજીઃ**

● રીંગણના પાનની નીચેની બાજુએ ખૂબ નાના, કાળા/ભૂરા જેવી જીવાતો દેખાય અને પાન પર કાળા ટપકા દેખાય તો આ જીવાત થ્રીપ્સ જણાઈ રહી છે જેના કારણે પાન કઠણ થઈ જાય છે અને કોકડાઈ જાય છે અને તેનો વિકાસ અટકે છે. વધુ ઉપદ્રવમાં ફૂલ અને ફળ પર પણ અસર કરે છે.

તેના નિયંત્રણ માટે જૈવિક / ઓર્ગેનિક વિકલ્પ

નિમ તેલ (Neem Oil ૧૫૦૦- ૩૦૦૦ ppm) @ ૩-૫ મિ.લિ./ લિટર

● અઝાદિરેક્ટિન ૦.૧૫% @ ૩ મિ.લિ./લિટર

● પોટાશિયમ સોપ @ ૫ મિ.લિ./ લિટર રાસાયણિક વિકલ્પ સ્પિનોસાડ ૪૫ SC @ ૦.૩ મિ.લિ./લિટર પાણી અથવા ઈમામેક્ટિન બેન્ઝોએટ ૫ SG @ ૦.૪ ગ્રામ/લિટર અથવા ● ફિપ્રોનિલ ૫ SC @ ૧ મિ.લિ./ લિટર અથવા થાયમેથોક્સામ ૨૫ WG @ ૦.૨૫ ગ્રામ/લિટર ૭–૧૦ દિવસના અંતરે સ્પ્રે કરો, દવા ફેરફાર કરીને ઉપયોગ કરો.

તે ઉપરાંત ખૂબ નાઈટ્રોજન ખાતર ટાળવું, ખેતરમાં પીળા અને વાદળી સ્ટીકી ટ્રેપ (૧૦–૧૨/એકર) લગાવવા જેથી જીવાતનો ઉપદ્રવ ઘટાડી શકાય.

● ઘીલોડીની ફુદીનાં નિયંત્રણ માટે શરૂઆતમાં ઈયળોને હાથથી વીણી નાશ કરવો તેમજ બેસિલસ થુરીન્જીન્સીસ નામના જીવાણુનો પાઉડર ૧૫ ગ્રામ અથવા બ્લ્યુવેરીયા બેસીયાના નામની ફુગનો પાઉડર ૪૦ ગ્રામ અથવા લીમડાની લીંબોળી મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫ % અર્ક) અથવા લીમડા આધારિત તૈયાર કીટનાશક ૨૦ મિ.લિ. (૧ ઈસી) થી ૪૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો. અથવા ઉપદ્રવ વધુ જણાય તો ફળની વીણી કર્યા બાદ કિવનાલફોસ ૨૫ ઈસી ૨૦ મિ.લિ. અથવા ડાયકલોરોવોસ ૭૬ ઈસી ૧૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

● રીંગણીની પાનકથીરીના નિયંત્રણ માટે ફેનાઝાકિવન ૧૦ મિ.લિ. અથવા ડાયફેન્થુરોન ૧૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો.

**લસણ-ડુંગળી :**

● ડુંગળીમાં જાંબલી ધાબાનાં રોગના નિયંત્રણ માટે બીજ માટે વાવવામાં આવેલ પાક ૬૦ થી ૬૫ દિવસનો થાય ત્યારે મેન્કોઝેબ ૨૭ ગ્રામ અથવા કલોરોથેલોનીલ ૨૭ ગ્રામ પ્રતિ ૧૦ લિટર પાણીમાં ભેળવી ત્રણ છંટકાવ (પ્રથમ છંટકાવ રોગ દેખાય ત્યારે અને બાકીના બે છંટકાવ ૧૫ દિવસના અંતરે) કરવા.

**ડુંગળી :** ડુંગળીમાં બાફીયો રોગ જેને Downy Mildew કહેવાય છે તે એક ફૂગજન્ય રોગ છે, જે ખાસ કરીને ભેજવાળા અને ઠંડા વાતાવરણમાં વધુ ફેલાય છે.

**નિયંત્રણઃ**

ભેજ વધારે ન રહે તે માટે પાણીની યોગ્ય નિકાસ થાય તેવી વ્યવસ્થા રાખવી.

● ઝાડી ઝાંખરા દૂર કરવા.

● પાક ફેરબદલી કરવી.

● રોગગ્રસ્ત છોડને ખેતરમાંથી દૂર કરી નાશ કરવો.

બીજને વાવણી પહેલાં મૅન્કોઝેબ @ ૨.૫ ગ્રામ/કિગ્રા બીજથી ઉપચાર કરવો.

**જૈવિક અને પ્રાકૃતિક ઉપચારઃ**

● ટ્રાઈકોટોડર્મા હરઝાઈનમ(Trichoderma harzianum) @ ૫ કિગ્રા પ્રતિ હેક્ટર જમીનમાં વાવણી પહેલા આપવું.

● નિમ તેલ (Neem oll ૩%) અથવા નિમ આધારિત દવાઓનો છંટકાવ કરી શકાય.

**બાગાયતી પાકોઃ**

**નાળીયેરી :**

● નાળીયેરીમાં સંકર જાતો વિકસાવવામાં આવેલી છે. તેમાં ડીટી તેમજ તીડી હાઈબ્રીડ જાતો દરિયાઈ કાંઠાના વિસ્તાર માટે ડિસેમ્બર અથવા જાન્યુઆરીમાં વાવેતર કરવું વધુ અનુકૂળ છે

**આંબા :**

● મધીયાના નિયંત્રણ માટે જીવાતનો ઉપદ્રવ વધી ગયો હોય તો સાયપરમેથ્રીન ૧૦ ટકા ઈ.સી. ૪ મિ.લિ. અથવા ફેનવાલેટર ૨૦ ટકા ઈ.સી., ૫.૪ મિ.લિ., ૧૦ લિટર પાણીમાં નાખી છંટકાવ કરવો.

**લીંબુ :** ● ફેરસ અથવા ઝીંકની ઉણપ જણાય તો પુખ્ત ઝાડ દીઠ ૧૦૦-૧૨૫ ગ્રામ ફેરસ સલ્ફેટ અને ૫૦-૧૦૦ ગ્રામ ઝીંક સલ્ફેટ ૧૦ કિલો છાણીયા ખાતરમાં ભેળવી છોડ ફરતે આપવું.

**દાડમઃ** ● પતંગીયા ઈયળના નિયંત્રણ માટેક્લોરાન્ટ્રાનીલીપ્રોલ ૩ મિ.લિ. અથવા કિવનાલફોસ ૨૦ મિ.લિ. અથવા ફ્લ્યુબેન્ડીયામાઈડ ૩ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો.

● થ્રીપ્સનાં નિયંત્રણ માટે લીમડાની લીંબોળીના મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫ % અર્ક) અથવા લીબોળીનું તેલ ૩૦ મિ.લિ. અથવા લીમડા આધારિત તૈયાર કીટનાશક ૨૦ મિ.લિ. (૧ ઈસી) થી ૪૦ મિ.લિ. (૦.૧૫ ઈસી) ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. અથવા સ્યાન્ટ્રાનીલીપ્રોલ ૧૦.૨૬ એડી ૩ મિ.લિ. અથવા ડાયમિથોએટ ૩૦ ઈસી ૧૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં દ્રાવણ બનાવી છંટકાવ કરવો.

**ખાસ કાળજી લેવી :**

● ખેડૂત ભાઈઓ જેમણે ઉનાળુ પાકોનું વાવેતર કરવાનું હોય તેમણે ઉતાવળ કરીને વહેલા વાવેતર કરવું નહિ.

● ઉનાળુ પાકના વાવેતર સમયે અનુકૂળ વાતાવરણ હોય તો જ વાવેતર કરવું.

● જો ઠંડીમાં વાવેતર થશે તો ઉગવાનો પ્રશ્ન રહેશે

● જમીનને વારંવાર ઊંડી ખેડ કરાવી નહિ. શક્ય હોય તો જમીનને સૂર્ય તાપમાં તપવા દેવી.

● ઉનાળુ પાકના વાવેતર પહેલા તમારે બિયારણનાં ઉગાવાનો ટેસ્ટ તમારી જમીનમાં કરી લેવો. જેથી જો બિયારણ નબળું હોય તો બદલી શકે.

....જીપ્સમ....
ખેતીની જમીન માટે
લુઝ ટ્રક લોડીંગ ચાલુ
૨૮ થી ૪૦ ટન સુધી
--:: સંપર્ક ::--
૯૪૨૬૯ ૮૯૫૭૬

# ગુંદાની આધુનિક ખેતી પધ્ધતિ અને ઉપયોગીતા

**ગુ**જરાતી, અંગ્રેજી અને વૈજ્ઞાનિક નામ :-ગુંદાનું વૈજ્ઞાનિક નામ કોર્ડીયા ડાયકોટોમા(Crodia diachotoma) અને બોરાગીનેસી (Broaginaceae) કુટુંબનું મહત્વનું ફળ છે. તેને ભારતમાં ગુંદર બેરી, ભારતીય ચેરી, ટેટી, ગુલાબી મોતી, લસોડા અને ગુંદી જેવા નામોથી ઓળખવામાં આવે છે.

**વતન :-**આ ફળ પાકનું વતન ભારત અને તેના આજુબાજુનો વિસ્તાર માનવામાં આવે છે. પરંતુ તે સમગ્ર વિશ્વના ગરમ વિસ્તારોમાં જોવા મળે છે. ભારતમાં રાજસ્થાનના સુકા પાનખર જંગલોથી લઈને પશ્ચિમ ઘાટના ભેજવાળા પાનખર જંગલોમાં અનેક જાતો જોવા મળે છે.

**સામાન્ય માહિતી :-** ગુંદા એ દુષ્કાળ અને સુકા વિસ્તારમાં ટકી રહેતો પાક હોવાથી તેના વૃક્ષો ઉત્તર ભારતના સુષ્ક અને અર્ધસુષ્ક વિસ્તારોમાં વ્યાપક રીતે ફેલાય છે. પાનખર ઋતુમાં પાન ખરી પડે છે અને વસંતમાં નવી કુંપણો ફુટે છે. આ ફળ પાકના વૃક્ષો દુષ્કાળ સામે ટકી રહેવા, પર્ણરંધ્રો બંધ કરવા, પર્ણ શિયાળામાં ખરી પડવા, ઉંડા અને જટીલ મૂળતંત્રો જેવી ક્ષમતાઓ ધરાવે છે. ફુલો આછા પીળા રંગના, સુગંધીત અને ગુચ્છામાં આવે છે. ફુલો ટૂંકી દાંડી વાળા, ઉભયલીંગી, સ્ટાર આકારના અને પાંચ ભાગોમાં વિભાજીત હોય છે. ફળ ઠળીયાવાળા, ૨.૦ થી ૩.૦ સે.મી. લાંબા અને ગોળાકાર હોય છે. અપરિપકવ ફળ લીલા રંગના અને પરિપકવ ભુખરા રંગના હોય છે. ફળ પાકવાનો સમય જૂન-જુલાઈ છે. ફળના બીજ, અંડાકાર, ચપટા અને ૭ મિ.મી. લાંબા તથા એન્ડોસર્મ વગરના હોય છે. **પોષણમૂલ્ય :-** ૨% પ્રોટીન, ૯૨% કાર્બોહાઈડ્રેટ, ૬ મિ.ગ્રામ આયર્ન, ૨૭૫ મિ.ગ્રામ ફોસ્ફરસ અને ૫૫ મિ.ગ્રામ કેલ્શિયમ.

**ઉપયોગઃ- ઔષધીયઃ**

●ફળોસુગરઅનેમિનરલ્સનોએકઉતમસ્ત્રોતછે.તેનોઉપયોગપરોપજીવી કૃમિઓ, કીડનીને લગતી બીમારીઓ, સોજા ઉતારવા, કફ દુર કરવા, બ્લડ પ્રેશર ઘટાડવા અને મોઢાની ચાંદીઓ દુર કરવામાં થાય છે.

● માથાના દુઃખાવા અને ગળાના ચાંદા દુર કરવા વપરાય છે.

● છાલનો ઉપયોગ તાવ મટાડવાની દવામાં થાય છે.

● બીજનો ઉપયોગ રીંગવોર્મના બાહ્ય ઈલાજમાં થાય છે.

**ઔદ્યોગિક :-** કાચા ફળનો ઉપયોગ અથાણા અને પાકા ફળો બીજી ઘણી ઘરેલુ વાનગી બનાવવામાં થાય છે. ફળોમાંથી મળતો ચીકણો પદાર્થ ગુંદ બનાવવામાં ઉપયોગી છે. તેના ટીમ્બરનો ઉપયોગ વિવિધ ઘરેલું ચીજવસ્તુઓ જેવી કે, લાકડાના ઓછા વજનના લીધે બોટ અને ખેતીના ઓજાર બનાવવામાં થાય છે. થડની છાલમાં ૨% ટેનીન હોય છે. જેનો ઉપયોગ કલર કરવાના ડાય બનાવવામાં થાય છે.

**હવામાન :-** તે ઉષ્ણ, સમષિતોષ્ણ હવામાન ધરાવતા વિસ્તારોમાં ખૂબ જ અનુકૂળ છે. આ ઉપરાંત દરિયાઈ સપાટીથી ૧૫૦૦ મી. સુધીની ઉંચાઈ પર (અને વાર્ષિક ૫૦૦ મિ.મી.થી ઓછા વરસાદ વાળા વિસ્તારોમાં સરળતાથી) ઉછેરી શકાય છે. આ ફળના વૃક્ષો હિમવર્ષાથી ખૂબ જ સંવેદનશીલ છે. પરંતુ ઉચ્ચ તાપમાન સહન કરી શકે છે.

**જમીન :-** આ ફળ પાકને ઉંડી, ભેજવાળી, ગોરાડુ અને રેતાળ જમીન ખૂબ જ અનુકૂળ છે. આમ છતાં દરેક પ્રકારની જમીન પણ અનુકૂળ આવે છે.

**જાતો :-** આ ફળપાકમાં ઘણી જનીનીક વિવિધતા જોવા મળે છે. પરંતુ હજુ સુધી કોઈ સુધારેલી જાતો મળી નથી. સામાન્ય રીતે ફળોનું બે પ્રકારમાં વર્ગીકરણ કરવામાં આવેલ છે. મોટા આકારના અને નાના આકારના. આમ છતાં મોટા ફળો ધરાવતી જાતો પૈકી પારસ ગુંદા ગુજરાતમાં અને નારૂવલી તમિલનાડુમાં પ્રચલીત છે. **સંવર્ધનની રીતો :-** મુખ્તત્વે બીજ દ્વારા સંવર્ધન કરવામાં આવે છે. પરંતુ તેમાંથી મળતા છોડોમાં જનીનીક વિવિધતા જોવા મળે છે. આ માટે બીજને પાકા ફળોમાંથી એકત્રિત કરી તરત જ એપ્રિલ-જૂન સુધીમાં નર્સરીમાં પોલીથીન ટયુબમાં ઉછેરવામાં આવે છે. આ પ્રકારે ઉછેરવામાં આવતા બીજનો ઉગવાનો દર ૨૫ થી ૩૦% જેટલો હોય છે. માતૃ છોડ જેવા જ છોડ મેળવવા માટે મુખ્યત્વે બે પ્રકારે આંખ ચડાવવામાં (પેચ અને આઈ) આવે છે. આ માટેનો ઉત્તમ સમય જુલાઈથી સપ્ટેમ્બર અને ૮ થી ૧૦ મહિના જુના કોડીયા મિકસ અથવા કોડીયા ગ્રાફ જેવા અન્ય કૌટુંબિક સભ્યોનો સ્ટોક તરીકે ઉપયોગમાં કરવામાં આવે છે. આ પ્રકારના સંવર્ધનની સફળતા ૯૬.૭% જેટલી હોય છે. આ ઉપરાંત કટકા કલમ પણ એક વર્ષ જુની માતૃછોડની ડાળોને જુલાઈ થી ઓગષ્ટ વચ્ચે ૧૦૦૦ પીપીએમ વૃદ્ધિ વર્ધકની સારવાર આપવાથી મૂળનો ઝડપી વિકાસ થાય છે. આ ઉપરાંત પાંચ વર્ષ જુના વૃક્ષોમાં ટોચકામથી નાના ફળોને મોટા ફળમાં રૂપાંતરીત કરવાની તકનિક જોબનેર દ્વારા વિકસાવવામાં આવી છે.




ડો. જે.એસ.પરસાણા,ડો. શિવાની આર. પટેલ
અને ડો. ડી.એસ. હીરપરા
કૃષી મહાવિધાલય, જુ.કૃ.યુ., જામનગર
(હાલઃ તરઘડીયા)

**અંતર અને રોપણી :-** આ ફળ પાકને ૫ થી ૬ મીટર અંતરે ચોરસ પધ્ધત્તિથી ૨×૨×૨ ફુટ આકારનો ખાડો ખોદી તેમાં ૧૫ થી ૨૦ કિલો સેન્દ્રીય ખાતર અને ૧૦૦ ગ્રામ કલોરપાયરીફોસ ૫% મમરી મિકસ કરી માટી દ્વારા ભરી દેવામાં આવે છે. ફેરરોપણી જુલાઈ થી સપ્ટેમ્બર મહિનામાં એક વર્ષની વયે કરવી હિતાવહ છે.

**તાલીમ અને છાંટણી :-** ગુંદાને નિયમીત છાંટણીની જરૂરિયાત નથી. શરૂઆતના વર્ષમાં નાના છોડને મજબુત માળખું બને તે માટે ૪ થી ૬ ડાળીઓને (જમીનથી ૧ મીટર ઉંચાઈ સુધી વધેલી) મુખ્ય થડમાંથી નીકળતી શાખાઓને શરૂઆતના બે-ત્રણ વર્ષ સુધી છાંટણી દ્વારા દુર કરવી. આ ઉપરાંત થડમાંથી નીકળતી, અનીચ્છનીય, રોગીષ્ટ અને નબળી ડાળીઓ સમયાંતરે છાંટણી કરતા રહેવું.

**પોષણ વ્યવસ્થા :-** તાલીમબધ્ધ અભ્યાસ હજુ સુધી ન થયેલ હોય પરંતુ ૧૦૦:૫૦:૫૦ ગ્રામ નાઃફોઃપો પ્રતિ છોડ આપવો હિતાવહ છે. આ રીતે પછીના પાંચ વર્ષ સુધી આપતા રહેવું ત્યારબાદ વધારે વિકાસ અને વધુ ઉત્પાદન માટે ૧૦૦:૧૨૫: ૫૦ ગ્રામ નાઃફોઃપો સાથે ૧૦ કિલો સેન્દ્રીય ખાતર પ્રતિ ઝાડ પ્રતિ વર્ષ ચોમાસા દરમ્યાન આપવું.

**નોંધ :-** આ ઉપરાંત વર્ષ દરમ્યાન સંપૂર્ણ જથ્થો સેન્દ્રીય ખાતર અને અડધો જથ્થો નાઃફોઃપો ડિસેમ્બર-જાન્યુઆરીમાં નવી ડાળીઓ અને પર્ણ વખતે અને બાકીનું ખાતર ચોમાસામાં આપવું.

**પિયત :-** પિયત માટે દરેક છોડની ફરતે ૧ મીટર વ્યાસનો બેસીન પધ્ધતિ દ્વારા પાણી સાથે ખાતર (ફર્ટીગેશન) ભેળવીને આપી શકાય છે. દુષ્કાળ સામે ટકી રહેનાર હોવાથી એક વખત ઉછરી ગયા બાદ પાણીની જરૂર પડતી નથી. તેમ છતાં જરૂરિયાત પ્રમાણે પિયત આપતા રહેવું.

**નિંદામણ અને આંતરખેડઃ-** શરૂઆતના તબક્કે આંતરપાકો જેવા કે બાજરો, ગુવાર અને મગ લેવાથી નિંદણ મુકત રાખી શકાય છે. વયસ્ક વૃક્ષોમાં વર્ષમાં ૩ થી ૪ વખત ખેડ કરવી અને મલ્ચીંગ જેવી પધ્ધત્તિઓનો અભિગમ અપનાવવાથી બગીચાઓને નિંદણ મુકત કરી શકાય. મલ્ચીંગ તરીકે કાળી પ્લાસ્ટીક ફિલ્મ કે સેન્દ્રીય કચરાનો ઉપયોગ કરી શકાય છે.

**પાક સંરક્ષણ :-** આ પાકનો મુખ્ય ફાયદો એ છે કે તે સંપૂર્ણ રોગ જીવાતથી મુકત છે. આમ છતાં કુણાં પાંદડાઓનું નુકસાન અટકાવવા ૨ થી ૩ સ્પ્રે ૦.૦૩% મોનોક્રોટોફોસનો ૧૫ દિવસના સમયાંતરે કરવો હિતાવહ છે. આ ઉપરાંત ૨ સ્પ્રે બાવીસ્ટીન (૨ ગ્રામ/લિટર) ૧૦ દિવસના સમયાંતરે કરવાથી રોગ સામે રક્ષણ મેળવી શકાય છે.

**વીણી, કાપણી અને ઉત્પાદન :-** સારી માવજત : આંખ કલમથી કરેલા છોડમાં ફળ આવવાની શરૂઆત ત્રણ વર્ષે અને બીજથી ઉછેરેલ છોડમાં ચોથા કે પાંચમાં વર્ષે થાય છે. ઉત્તર ભારતમાં ફુલો બેસવાનો સમય માર્ચ-એપ્રિલ અને ફળો પાકવાનો સમય મે-જુલાઈ છે. જયારે દક્ષિણ ભારતમાં તે વહેલો હોય છે. આ ફળ પાકની કાપણી હાથ દ્વારા કરવામાં આવે છે.

લગભગ ૧૫ વર્ષે જૂનું ઝાડ ૧.૫ થી ૨ ક્વિન્ટલ ફળો આપે છે. આ ફળો અપરિપકવ અને લીલા રંગના હોય ત્યારે અથાણા અને રસોડામાં વિવિધ વાનગી બનાવવામાં ઉપયોગી છે. પરિપકવ ફળો ભુખરા પીળા રંગના અને મીઠાશવાળો પલ્પ ધરાવતા હોય છે. સંપૂર્ણ પરિપકવ ફળો સીધા જ ખાવા માટે અથવા મૂલ્યવર્ધન વાનગી બનાવવા થાય છે. સંપૂર્ણ પરિપકવ ફળો ઘાટા ગુલાબી રંગના હોય છે.

**પ્રોસેસીંગ અને મૂલ્યવર્ધન :-** પાકેલા ફળોમાંથી આલ્કોહોલ ડ્રિન્ક બનાવવામાં અને પલ્પ પેકટીનથી સભર હોવાથી જામ અને જેલી બનાવી શકાય.

# દિલ્હીમાં હવા ગુણવત્તા 'ગંભીર' શ્રેણીમાં : ફરી એકવાર ૪ પ્રતિબંધ લાદવામાં આવ્યા

નવીદિલ્હી,તા.૧૮

રાજધાનીમાં સતત ચાર દિવસ ખૂબ જ ખરાબ હવા ગુણવત્તા પછી, શનિવારે હવા ગુણવત્તા ગંભીર શ્રેણીમાં પહોંચી ગઈ. દિલ્હી-એનસીઆરમાં વધતા વાયુ પ્રદૂષણને ધ્યાનમાં રાખીને, કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટએ શનિવારે જીઆરએપી-૪ લાગુ કર્યું. રવિવારે સવારે દિલ્હીનો એકયુઆઈ ૪૦૦ ને વટાવી ગયો. દિલ્હીનો એર ક્વોલિટી ઈન્ડેક્સ ૪૩૭ નોંધાયો, જે 'ગંભીર' શ્રેણીમાં આવે છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ડેટા અનુસાર, દિલ્હીના અલીપુર વિસ્તારમાં એકયુઆઈ ૩૮૧, આનંદ વિહારમાં



૪૯૧, અશોક વિહારમાં ૪૬૮, આયા નગરમાં ૩૬૨, બાવાનામાં ૪૭૩, બુરાડીમાં ૪૬૫ અને ચાંદની ચોકમાં ૪૬૫ નોંધાયો હતો. દિલ્હીના ડીટીયુ વિસ્તારમાં એકયુઆઈ ૪૪૮, દ્વારકા સેક્ટર ૮માં ૪૬૭, આઈજીઆઈ એરપોર્ટ ૩માં ૩૭૩, આઈટીઓમાં ૪૫૦, લોધી રોડમાં ૪૧૪, મુંડકામાં ૪૮૫, નજફગઢમાં ૪૦૭, નરેલામાં ૪૧૭, પંજાબી બાગમાં ૪૭૬, આરકે પુરમમાં ૪૬૮, રોહિણીમાં ૪૮૪, સોનિયા વિહારમાં ૪૭૫ અને વઝીરપુરમાં ૪૮૧ નોંધાયો હતો. વધતા વાયુ પ્રદૂષણને કારણે, શનિવારે દિલ્હી અને એનસીઆરમાં ફરી એકવાર ૪ પ્રતિબંધ લાદવામાં આવ્યા હતા. આ નિર્ણય ૨૧ નવેમ્બર, ૨૦૨૫ ના રોજના આદેશ હેઠળ લેવામાં આવ્યો હતો અને તે સમગ્ર એનસીઆરમાં તાત્કાલિક અમલમાં છે.

# જ્યાં સુધી ધર્મ દેશનું માર્ગદર્શન કરશે, ત્યાં સુધી ભારત વિશ્વ નેતા રહેશે : મોહન ભાગવત

નવીદિલ્હી,તા.૧૮

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) સરસંઘચાલક મોહન ભાગવતે રવિવારે કહ્યું કે જ્યાં સુધી ધર્મ ભારતનું માર્ગદર્શન કરતો રહેશે, ત્યાં સુધી દેશ વિશ્વ નેતા રહેશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતમાં જે આધ્યાત્મિક જ્ઞાન છે તે દુનિયામાં બીજે ક્યાંય ઉપલબ્ધ નથી કારણ કે આધ્યાત્મિકતાનો બીજે અભાવ છે. એક કાર્યક્રમને સંબોધતા ભાગવતે કહ્યું કે ધર્મ એ સમગ્ર બ્રહ્માંડનું પ્રેરક



બળ છે અને સૃષ્ટિની દરેક વસ્તુ આ સિદ્ધાંત પર કાર્ય કરે છે. તેમણે કહ્યું કે ભારતને તેના પૂર્વજો, સંતો અને ઋષિઓ પાસેથી સમૃદ્ધ આધ્યાત્મિક વારસો વારસામાં મળ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ઉદાહરણ આપતા, આરએસએસ વડાએ કહ્યું, "નરેન્દ્રભાઈ હોય, હું હોય, તમે હોય કે બીજું કોઈ હોય, ફક્ત એક જ શક્તિ છે જે આપણને બધાને ચલાવે છે. જો વાહન તે શક્તિથી ચલાવવામાં આવે છે, તો ક્યારેય અકસ્માત થશે નહીં. તે ચાલક ધર્મ છે." તેમણે આગળ કહ્યું, ધર્મ એ સમગ્ર બ્રહ્માંડનું પ્રેરક બળ છે. જ્યારે બ્રહ્માંડ અસ્તિત્વમાં આવ્યું, ત્યારે તેના કાર્યને નિયંત્રિત કરતા નિયમો ધર્મ બની ગયા. બધું એક જ સિદ્ધાંત પર ચાલે છે. ભાગવતે કહ્યું કે ધર્મ ફક્ત ધર્મ સુધી મર્યાદિત નથી. પ્રકૃતિમાં દરેક વસ્તુનું પોતાનું એક સહજ કર્તવ્ય અને શિસ્ત હોય છે. તેમણે કહ્યું, "પાણીનું કર્તવ્ય વહેવાનું છે, અગ્નિનું કર્તવ્ય બાળવાનું છે. તેવી જ રીતે, પુત્રનું કર્તવ્ય છે, શાસકનું કર્તવ્ય છે અને આચારના નિયમો છે. આપણા પૂર્વજો ઊંડા આધ્યાત્મિક સંશોધન અને પ્રયાસ દ્વારા આ નિયમોને સમજતા હતા."

# ઉત્તર ભારતમાં કડકડતી ઠંડી : હિમાચલમાં માઈનસ ૨.૬ ડિગ્રી તાપમાન

ઉત્તર પ્રદેશ, તા.૧૮



ઉત્તર ભારતમાં ઠંડીનો પ્રકોપ યથાવત છે. હિમાચલ પ્રદેશમાં તાબો છેલ્લા ૨૪ કલાકમાં સૌથી ઠંડું સ્થળ રહ્યું, જ્યાં તાપમાન માઈનસ ૨.૬ ડિગ્રી નોંધાયું. હવામાન વિભાગે ૨૨ અને ૨૩ જાન્યુઆરીએ પહાડી વિસ્તારોમાં હિમવર્ષા અને મધ્ય તથા નીચાણવાળા વિસ્તારોમાં વરસાદની આગાહી કરી છે. ઉત્તરાખંડના ચમોલી અને પિથોરાગઢના ઊંચા વિસ્તારોમાં હિમવર્ષા થઈ. ઉત્તર પ્રદેશના ૫૦થી વધુ જિલ્લાઓમાં ગાઢ ધુમ્મસના કારણે વિઝિબિલિટી ૫૦ મીટરથી ઓછી રહી, જ્યારે લખનઉ એરપોર્ટ પર એક ફ્લાઈટ દિલ્હી ડાયવર્ટ કરાઈ. બિહારના ૧૫ જિલ્લાઓમાં તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે નોંધાયું છે.

# રશિયામાં ગેરકાયદેસર નિકાસ કરવા બદલ અમેરિકામાં રહેતા ભારતીય વ્યક્તિને ૩૦ મહિનાની જેલની સજા

વોશિંગ્ટન,તા.૧૮

યુએસમાં ૫૮ વર્ષીય ભારતીય નાગરિકને અઢી વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. ભારતીય નાગરિક પર રશિયામાં નિયંત્રિત વિમાન ઉપકરણોની ગેરકાયદેસર નિકાસ કરવાનું કાવતરું ઘડવાનો આરોપ છે. આ અઠવાડિયાની શરૂઆતમાં સજા સંભળાવવામાં આવેલા નિર્ણયમાં, ઓરેગોન જિલ્લાના



યુએસ એટર્ની સ્કોટ બ્રેડફોર્ડે જણાવ્યું હતું કે આરોપી, સંજય કૌશિકે જાણી જોઈને નફા માટે આ કાવતરું ઘડ્યું હતું. આરોપી, સંજય કૌશિક, દિલ્હીનો રહેવાસી છે. પ્રતિબંધિત રશિયન કંપનીઓ પણ આ કાવતરામાં સામેલ હતી. આરોપીએ વારંવાર પોતાના અંગત લાભ માટે યુએસ રાષ્ટ્રીય સુરક્ષા અને વિદેશ નીતિ માટે જરૂરી સુરક્ષાને નબળી પાડવાનો પ્રયાસ કર્યો." આરોપી નિકાસ નિયંત્રણ સુધારણા કાયદાનું ઉલ્લંઘન કરે છે, જેના માટે તેને ૩૦ મહિના ફેડરલ જેલ અને ૩૬ મહિનાની દેખરેખ હેઠળ મુક્તિની સજા ફટકારવામાં આવી હતી. રાષ્ટ્રીય સુરક્ષા માટે સહાયક એટર્ની જનરલ જોન આઈઝનબર્ગે આ બાબતે જણાવ્યું હતું કે, "જે લોકો યુએસ નિકાસ નિયંત્રણ કાયદાઓને અવગણવાની યોજના બનાવે છે, ખાસ કરીને જ્યારે તેમાં લશ્કરી ઉપયોગ માટે ટેકનોલોજીનો સમાવેશ થાય છે, તેમના પર કાયદાની સંપૂર્ણ હદ સુધી કાર્યવાહી કરવામાં આવશે."

# બાંગ્લાદેશમાં હિંદુ વેપારીની નિર્મમ હત્યા: સગીર કર્મચારીને બચાવતાં પાવડાના ઘા ઝીકાયા

બાંગ્લાદેશ, તા.૧૮



બાંગ્લાદેશના ગાઝીપુર જિલ્લામાં શનિવારે એક હિંદુ વેપારીની પાવડાથી માર મારી નિર્મમ હત્યા કરવામાં આવી. મૃતકની ઓળખ ૫૫ વર્ષીય લિટન ચંદ્ર ઘોષ ઉર્ફે કાલી તરીકે થઈ છે, જે વૈશાખી સ્વીટમીટ એન્ડ હોટલનો માલિક હતો. દુકાનમાં કામ કરતા ૧૭ વર્ષના સગીર કર્મચારી સાથે થયેલા વિવાદ દરમિયાન લિટન ઘોષ તેને બચાવવા વચ્ચે પડ્યા હતા. આ સમયે મસૂમ મિયા, તેના માતા-પિતા સહિત ત્રણ લોકોએ લિટન પર હુમલો કર્યો. માથા પર પાવડાનો ઘા વાગતાં તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું. પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી તપાસ શરૂ કરી છે.

# ગ્રીનલેન્ડ માટે કેનેડા અમેરિકા સામે લડવા માટે તૈયાર : વડાપ્રધાન માર્ક કાર્નેએ મોટો સંકેત આપ્યો

(એચ.એસ.એલ),ઓટાવા,તા.૧૮

ગ્રીનલેન્ડ માટે કેનેડા અમેરિકા સામે લડવા માટે તૈયાર છે. ગ્રીનલેન્ડ પ્રત્યે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની વધતી જતી આક્રમકતા વચ્ચે કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નેએ આ સંકેત આપ્યો છે, જેમાં યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા મજબૂત વલણ અપનાવવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે કેનેડા નાટોના



કલમ ૫ હેઠળ ડેનમાર્ક (અને ગ્રીનલેન્ડ) નો બચાવ કરવા તૈયાર છે, જેનો અર્થ યુએસ સાથે સંભવિત લશ્કરી મુકાબલો પણ થઈ શકે છે. જોકે કાર્નેએ સ્પષ્ટપણે "યુદ્ધની ઘોષણા" શબ્દનો ઉપયોગ કર્યો ન હતો, નિષ્ણાતોએ તેમના નિવેદનો અને નાટો પ્રતિબદ્ધતાઓને "યુએસ સામે યુદ્ધની તૈયારી" તરીકે અર્થઘટન કર્યું છે. "અમે ડેનમાર્ક સાથે નાટો ભાગીદાર છીએ, અને અમારી ભાગીદારી સંપૂર્ણપણે અકબંધ છે. અમારી કલમ ૫ અને કલમ ૨ ની જવાબદારીઓ અટલ છે, અને અમે તેમને સંપૂર્ણ સમર્થન આપીએ છીએ," કાર્નેએ બેઈજિંગમાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગને મળ્યા બાદ કહ્યું. તેમણે ભાર મૂક્યો કે ગ્રીનલેન્ડનું સાર્વભૌમત્વ ફક્ત ડેનમાર્ક અને ગ્રીનલેન્ડના લોકો પર છે, યુએસ પર નહીં. કાર્નેએ ટ્રમ્પને "ગ્રીનલેન્ડ પર પાછા ફરવા" વિનંતી કરી અને માંગ કરી કે નાટો સાથીઓ તેમના વચનોનું પાલન કરે.

# વન-ડે સિરીઝમાં ન્યૂઝીલેન્ડે ભારતને ૪૧ રનથી હરાવ્યું : પ્રથમ વખત ભારતીય ધરતી પર વન-ડે સિરીઝ કરી કબજે

ઈન્દોર, તા.૧૮

ન્યૂઝીલેન્ડે વન-ડે સિરીઝના ત્રીજા અને નિર્ણાયક મુકાબલામાં ભારતને ૪૧ રને હરાવીને ઈતિહાસ રચ્યો છે. ન્યૂઝીલેન્ડે પ્રથમ વખત ભારતીય ધરતી પર વન-ડે સિરીઝ કબજે કરી છે. ઈન્દોરના હોલકર સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં ન્યૂઝીલેન્ડે આપેલા ૩૩૮ રનના વિશાળ લક્ષ્યાંક સામે ભારતીય ટીમ ૨૯૬ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ન્યૂઝીલેન્ડે ટોસ હારીને પ્રથમ બેટિંગ કરતા ૫૦ ઓવરમાં ૮ વિકેટે ૩૩૭ રન બનાવ્યા હતા. ડેરીલ મિચેલના શાનદાર ૧૩૭ રન અને ગ્લેન ફિલિપ્સના ૧૦૬ રનની મદદથી કીવી




ટીમે મજબૂત સ્કોર ઊભો કર્યો હતો. બંને વચ્ચે ૨૧૯ રનની રેકોર્ડબ્રેક ભાગીદારી નોંધાઈ હતી. ભારત તરફથી અર્શદીપ સિંહ અને હર્ષિત રાણાએ ૩-૩ વિકેટ ઝડપી હતી. લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ટીમ ઈન્ડિયાની શરૂઆત નબળી રહી હતી. કેપ્ટન શુભમન ગિલ (૨૩) અને રોહિત શર્મા (૧૧) વહેલા આઉટ થયા હતા. વિરાટ કોહલીએ એક છેડો સાચવી રાખી ૯૧ બોલમાં પોતાની કારકિર્દીની ૫૪મી વન-ડે સદી (કુલ ૮૫મી આંતરરાષ્ટ્રીય સદી) ફટકારી હતી, પરંતુ તે ટીમને જીત અપાવી શક્યો નહીં. નીતિશ કુમાર રેડ્ડીએ ૫૩ રનની લડાયક ઈનિંગ રમી હતી, જ્યારે અન્ય ખેલાડીઓ ફ્લોપ રહ્યા હતા. અંતે ભારતની નાલેશીભરી હાર થઈ હતી.

# કમોસમી વરસાદની આગાહીને લઈ બાગાયત ખાતાની ખેડૂતોને આગોતરી તકેદારી રાખવા અપીલ

અમરેલી, તા.૧૮

હવામાન ખાતાની આગાહી મુજબ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં અઠવાડિયા દરમ્યાન વાદળછાયું વાતાવરણ રહેવાની તેમજ ક્યાંક કમોસમી વરસાદની શક્યતા છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી બાગાયત ખાતા દ્વારા ખાસ કરીને આંબાના બગીચા ધરાવતા ખેડૂતોને આગોતરી તકેદારી રાખવા અપીલ કરવામાં આવી છે. આંબાના મોર આવવાના તબક્કે વધુ ભેજ અને વરસાદ થવાથી ફળ બંધારણમાં ઘટાડો થવાની સાથે મિલ્ડ્યુ (ભૂકી છારો) સહિત ફૂગજન્ય રોગોનો પ્રકોપ વધવાની સંભાવના છે. પરિણામે કેરી ઉત્પાદન પર નકારાત્મક અસર પડી શકે છે. ખેડૂતોને સલાહ આપવામાં આવી છે કે વરસાદ શરૂ થાય તે પહેલાં અથવા વરસાદ બંધ થયા બાદ ૨૪ કલાકની અંદર કાર્બેન્ડેઝિમ (૧ ગ્રામ/લિટર) અથવા હેક્સાકોનાઝોલ (૧ ગ્રામ/લિટર) અથવા વેટેબલ સલ્ફર (૨ ગ્રામ/લિટર) પૈકી કોઈ એક ફૂગનાશક દવાનો છંટકાવ કરવો. દવા સાથે સ્ટિકર ભેળવવાથી અસરકારક પરિણામ મળે છે. સાથે જ ખેતરમાં પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા કરવી તેમજ બોરોન (૦.૨%) અને ઝીંક (૦.૫%)ના ફોલિયર સ્પ્રે કરવાથી મોર અને ફૂલ ઝરતા અટકાવવામાં મદદ મળે છે.

# ધોરાજીમાં ટ્રેનની અડફેટે બે ગૌમાતાના મોત, લોકોમાં રોષ

ધોરાજી,તા.૧૮

ધોરાજી શહેરમાં જમનાવડ રોડ પર રેલવે ફાટક નજીક ટ્રેન અકસ્માતોમાં બે ગૌમાતાના કરુણ મોત થતા સ્થાનિકોમાં શોક અને ચિંતાની લાગણી ફેલાઈ છે. પ્રથમ ઘટનામાં કાનાલુસથી અમદાવાદ જતી માલગાડી ટ્રેનની અડફેટે એક ગૌમાતા આવી જતા ઘટનાસ્થળે જ તેનું મોત નિપજ્યું હતું. બીજી ઘટનામાં રાજકોટથી પોરબંદર જતી પેસેન્જર ટ્રેનમાં પણ આવી જ ઘટના બની હતી. ટ્રેન પસાર થતી વખતે એક ગૌમાતા ટ્રેક પર ચડી જતાં ટ્રેનની અડફેટે આવતા ગંભીર ઈજાઓના કારણે મોત થયું હતું. બંને ઘટનામાં ગૌમાતાના મોતથી સ્થાનિક લોકોમાં ભારે રોષ અને દુઃખની લાગણી જોવા મળી રહી છે. રેલવે ટ્રેક આસપાસ પશુઓની સુરક્ષા માટે જરૂરી પગલાં લેવાની માંગ ઉઠી છે. રેલવે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

# પ.બંગાળમાં મોદીની જાહેર સભાઃ TMCના જંગલરાજનો અંત લાવવાનો સમય આવ્યો

નવીદિલ્હી,તા.૧૮

પીએમ નરેન્દ્ર મોદીએ રવિવારે પશ્ચિમ બંગાળના સિંગુરમાં જાહેર સભાને સંબોધતા કહ્યું કે રાજ્યની જનતા હવે વાસ્તવિક પરિવર્તન ઈચ્છે છે અને ૧૫ વર્ષથી ચાલતા TMCના જંગલરાજને બદલવા માંગે છે. તેમણે જણાવ્યું કે ભાજપ-એનડીએએ બિહારમાં જંગલરાજનો અંત લાવ્યો છે અને હવે પશ્ચિમ બંગાળમાં પણ



TMCના "મહાજંગલરાજ"ને સમાપ્ત કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. મોદીએ કહ્યું કે TMC સરકાર કેન્દ્ર સરકારની યોજનાઓ જનતા સુધી પહોંચવા દેતી નથી. "મને સમજ છે કે તેમને મોદીથી તકલીફ છે અને ભાજપ પ્રત્યે તેમની દુશ્મનાવટ છે, પરંતુ આ દુશ્મનાવટ બંગાળની જનતા પર ઠાલવવામાં આવી રહી છે," એમ તેમણે કહ્યું. પીએમએ ઉમેર્યું કે રાજ્યના લોકો વિકાસ, સુરક્ષા અને સશક્ત શાસન માંગે છે અને બંગાળમાં ભાજપ તે પરિવર્તન લાવવા પ્રતિબદ્ધ છે.

# કોડીનારની સોમનાથ ઈન્ટરનેશનલ સ્કૂલમાં નિઃશુલ્ક દંત પરીક્ષણ કેમ્પ યોજાયોઃ વિદ્યાર્થીઓ અને વાલીઓએ લાભ લીધો

**ક્રિષ્ના ડેન્ટલ ક્લિનિકના ડો. તૃપ્તિએ મોઢાની સ્વચ્છતા અંગે માર્ગદર્શન આપ્યુ**

કોડીનાર, તા.૧૮

કોડીનારની જાણીતી શૈક્ષણિક સંસ્થા સોમનાથ ઈન્ટરનેશનલ સ્કૂલ (SIS) ખાતે શિક્ષણની સાથે વિદ્યાર્થીઓના સર્વાંગી સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપવાના હેતુસર કેમ્પસ પર નિઃશુલ્ક દંત સ્વાસ્થ્ય તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં



નર્સરીથી લઈને ધોરણ ૧૧ સુધીના વિદ્યાર્થીઓ, શાળાના શિક્ષકો તેમજ વાલીઓએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. કેમ્પ દરમિયાન ક્રિષ્ના ડેન્ટલ ક્લિનિકના નિષ્ણાત ડો. તૃપ્તિ અને તેમની ટીમે સેવાઓ આપી હતી.

ડો. તૃપ્તિએ ખૂબ જ સરળ શૈલીમાં બાળકોને દાંતની સુરક્ષા અને મોઢાની સ્વચ્છતા (Oral Hygiene) અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ કરશનભાઈ સોલંકીએ આવા સેવાકીય કાર્યો અવિરતપણે ચાલતા રહે તેવી શુભેચ્છા પાઠવી હતી. શાળાના સંચાલકોએ જણાવ્યું હતું કે, શાળા માત્ર પુસ્તકિયા જ્ઞાનમાં નહીં, પરંતુ વિદ્યાર્થીઓના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યમાં પણ વિશ્વાસ ધરાવે છે. અંતમાં શાળા પરિવાર દ્વારા ડોક્ટરની ટીમ અને વાલીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# કોડીનારના જગતિયા અને સુગાળા ગામે નિઃશુલ્ક આરોગ્ય તપાસ શિબિર યોજાઈઃ ૧૯૩ ગ્રામજનોએ લાભ લીધો

કોડીનાર,તા.૧૮

કોડીનાર તાલુકાના જગતિયા અને સુગાળા ગ્રામ પંચાયત, અંબુજા ફાઉન્ડેશન તથા અદાણી હોસ્પિટલ અંબુજાનગરના સંયુક્ત ઉપક્રમે જગતિયા અને સુગાળા બંને ગામ ખાતે નિઃશુલ્ક આરોગ્ય તપાસ શિબિરનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ બંને આરોગ્ય શિબિરમાં કુલ ૧૯૩ જેટલા જરૂરિયાતમંદ ગ્રામજનોએ લાભ લીધો હતો. શિબિર દરમિયાન બે નિષ્ણાત



ડોક્ટરો દ્વારા ગ્રામજનોની પ્રાથમિક આરોગ્ય તપાસ તથા પરામર્શ કરવામાં આવ્યા હતા તેમજ જરૂરિયાતમંદ લાભાર્થીઓને નિઃશુલ્ક પ્રાથમિક દવાઓ પણ આપવામાં આવી હતી. તપાસ દરમિયાન હાઈ રિસ્ક તથા વધુ સારવારની જરૂરિયાત ધરાવતા દર્દીઓને આગળની સારવાર માટે રિફર કરવામાં આવ્યા હતા. આ અવસરે સુગાળા ગામના સરપંચ માનસિંહભાઈ ડાભી અને જગતિયા ગ્રામ પંચાયતના સરપંચ વિપુલભાઈ મકવાણા અને ગામના આગેવાનોએ ઉપસ્થિત રહી કેમ્પની મુલાકાત લીધી હતી અને આયોજકોની કામગીરી બિરદાવી હતી. આ શિબિરમાં સરકારી સ્થાનિક આરોગ્ય વિભાગના સ્ટાફે પણ સક્રિય સહયોગ આપ્યો હતો. ગ્રામીણ આરોગ્યનું સ્તર સુધરે અને સેવાઓ છેવાડાના માનવી સુધી પહોંચે તે હેતુસર આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી વિવાદોમાં ઘેરાઈ, ડિજિટલ દક્ષિણા લઈ ડિગ્રી અપાતી હોવાના આરોપ

પાટણ,તા.૧૮

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ ફરી એકવાર વિવાદોમાં ઘેરાઈ છે, યુવરાજસિંહ જાડેજાએ એચએનજીયુ તેમજ તેની સંલગ્ન કોલેજો "ડિગ્રી વેચવાનો શોપિંગ મોલ" હોવાના ગંભીર આરોપ લગાવ્યા છે. તેમણે ધાનેરાની સૂર્યોદય ડીએચએસઆઈ કોલેજમાં ચાલતા ડિજિટલ દક્ષિણાના પુરાવા જાહેર કરતા શિક્ષણ જગતમાં ભારે ખળભળાટ જોવા મળી રહ્યો છે. તેમણે આક્ષેપ કર્યા છે કે ડિજિટલ દક્ષિણા આપીને પરીક્ષા આપ્યા વિના જ વિદ્યાર્થીઓને પાસ કરવામાં આવી રહ્યા છે.



યુવા અધિકાર ન્યાય ચળવળના વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાના આક્ષેપ મુજબ ધાનેરાની સૂર્યોદય કોલેજમાં વિદ્યાર્થી પાસેથી ઉઘાડી લૂંટ કરવામાં આવી રહી છે, એવા આરોપ લગાવવામાં આવ્યા છે કે અહીંયા વિદ્યાર્થીઓ પાસેથી ૧૦૦૦ થી ૨૦૦૦ રૂપિયા લઈને પરીક્ષા આપ્યા વિના જ પાસ કરી દેવાનું કૌભાંડ ચાલી રહ્યું છે, ત્યારે કોલેજ સામે તાત્કાલિક તપાસ કરીને જવાબદારો સામે એફઆઈઆર નોંધવાની માંગ કરાઈ છે, સાથે જ HNGU સંલગ્ન કોલેજમાં ઓડિટ કરવાની માંગ કરી છે. આ બાબતે પાટણ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં મેઈલ દ્વારા રજૂઆત કરવામાં આવી છે, પરંતુ કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી.

# અમદાવાદના વૈષ્ણોદેવી સર્કલ પાસે અકસ્માત: ફોર્ચ્યુનર-એસટી બસની ટક્કરમાં યુવકનું મોત

અમદાવાદ, તા.૧૮

અમદાવાદના વૈષ્ણોદેવી સર્કલ પાસે તા.૧૮ ના રોજ સવારે એક ગંભીર અકસ્માત થયો. હિંમતનગરથી રાજકોટ જતી એક એસટી બસ ફોર્ચ્યુનર કાર સાથે અથડાઈ. ટક્કર બાદ ફોર્ચ્યુનર ડિવાઈડર કૂદીને રસ્તાની બીજી બાજુ પડી ગઈ, જ્યારે એસટી બસ પણ રસ્તો ઓળંગી ગઈ. આ અકસ્માતમાં ફોર્ચ્યુનર કારમાં સવાર એક યુવાનનું મોત થયું, જ્યારે એક યુવતી સહિત ત્રણ અન્ય લોકો ઘાયલ થયા અને તેમને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. ફોર્ચ્યુનર કાર, નંબર જીજે ૧૮ ઈએફ ૯, સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ હતી. ઘટનાની માહિતી મળતાં, પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને ક્રેનની મદદથી ટ્રાફિક પૂર્વવત કર્યો. રાજકીય સૂત્રોએ અહેવાલ આપ્યો છે કે ગાંધીનગર જિલ્લાના ભૂતપૂર્વ ભાજપ સંગઠન મહામંત્રી આઈ.બી. વાઘેલાના ૨૪ વર્ષીય પુત્ર ધવલનું માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું હતું. આઈ.બી. વાઘેલાની પત્ની ભૂતપૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ હતી. આઈ.



બી. વાઘેલા વ્યવસાયે વકીલ પણ છે. ધવલ ઈશ્વરસિંહ વાઘેલા અને યુવતી, દેવાંશ યોગેશ પંડ્યા (બંને ૨૧ વર્ષ) ફોર્ચ્યુનર કારમાં મુસાફરી કરી રહ્યા હતા. અકસ્માત સ્થળેથી બંનેને હોસ્પિટલ લાવ્યા બાદ, ડોક્ટરોએ ધવલને મૃત જાહેર કર્યો, જ્યારે યુવતી ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે. પોલીસે ટ્રાફિક હળવો કર્યો અને અકસ્માતની તપાસ હાથ ધરી છે.

# પવનની ગતિ વધતા ઠંડીનો ચમકારો : નલિયામાં સૌથી ઓછું ૧૦.૩ ડિગ્રી તાપમાન

અમદાવાદ,તા.૧૮

ગુજરાતભરમાં ઠંડીનો ચમકારો યથાવત જોવા મળી રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી ઉત્તર અને ઉત્તરપૂર્વ દિશાના પવનની ગતિમાં વધારો થવાને કારણે વહેલી સવાર અને મોડી રાતે ઠંડીનો અહેસાસ વધુ તીવ્ર બન્યો છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારો અને ખુલ્લા વિસ્તારોમાં લોકો કડકડતી ઠંડી અનુભવી રહ્યા છે. હવામાન વિભાગના હાલના આંકડા મુજબ કચ્છના નલિયામાં સૌથી ઓછું ૧૦.૩ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે, જ્યારે અમરેલીમાં ૧૦.૮ ડિગ્રી તાપમાન સાથે ઠંડીનો પ્રભાવ જોવા મળ્યો હતો. કંડલામાં લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રી નોંધાયું છે. સૌરાષ્ટ્રના દરિયાકાંઠા વિસ્તારમાં આવેલા પોરબંદરમાં ૧૨.૮ ડિગ્રી તાપમાન રહ્યું છે. ઉત્તર ગુજરાતમાં પણ ઠંડીની અસર જોવા મળી છે. ડીસામાં ૧૨.૪ ડિગ્રી અને ગાંધીનગરમાં ૧૨.૬ ડિગ્રી તાપમાન નોંધાયું છે. અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૪.૫ ડિગ્રી રહ્યું છે, જ્યારે દીવમાં ૧૧.૯ ડિગ્રી તાપમાન સાથે ઠંડીનો અહેસાસ નોંધાયો છે.

# બેટ દ્વારકામાં યજમાનો સાથે મંદિરમાં પ્રવેશ ન અપાતા બ્રાહ્મણોએ આંદોલનની આપી ચીમકી

દ્વારકા,તા.૧૮

બેટ દ્વારકામાં બ્રાહ્મણો અને મંદિરના ટ્રસ્ટીઓ વચ્ચેનો વિવાદ વકર્યો છે. યજમાનો સાથે બ્રાહ્મણોને મંદિરમાં ન પ્રવેશવા સૂચના આપવામાં આવતા મંદિરના નિર્ણયનો બ્રાહ્મણોએ વિરોધ કરી અંદોલનની ચીમકી આપી છે. બ્રાહ્મણોએ કાળી પટ્ટી બાંધી રોષ વ્યક્ત કર્યો. બેટ દ્વારકામાં બ્રાહ્મણો અને મંદિરના



ટ્રસ્ટીઓ વચ્ચે વિવાદ વકર્યો છે. મંદિરમાં બ્રાહ્મણોના પ્રવેશ પર પ્રતિબંધથી બ્રાહ્મણોએ કાળી પટ્ટી બાંધી વિરોધ કર્યો. યજમાનો સાથે બ્રાહ્મણોને બેટ દ્વારકા મંદિરમાં ન પ્રવેશવાના મંદિરના ટ્રસ્ટીઓના નિર્ણયનો વિરોધ કરવામાં આવ્યો. મંદિરના યજમાનો સાથે ન પ્રવેશવાના નિર્ણય સામે બ્રાહ્મણોએ રોષ વ્યક્ત કર્યો અને કાળી પટ્ટી બાંધી વિરોધ કર્યો. મંદિર ટ્રસ્ટ દ્વારા એવો નિર્ણય લેવાયો કે યજમાનો સાથે બ્રાહ્મણોએ બેટ દ્વારકા મંદિરમાં પ્રવેશવું નહીં. પેઢી દર પેઢીથી મંદિરમાં યજમાન વૃત્તિ કરતા હોવાનો બ્રાહ્મણોએ દાવો કર્યો છે. બ્રાહ્મણોનું કહેવું છે કે મંદિરમાં યજમાન વૃત્તિ બ્રાહ્મણોનો અધિકાર છે.

# જૂનાગઢના ગાદોઈ ગામે જમીન વિવાદમાં વૃદ્ધે કર્યો આપઘાત

જૂનાગઢ,તા.૧૮

જૂનાગઢ જિલ્લાના વંથલી પંથકમાં જમીન પચાવી પાડવાના ત્રાસથી એક વૃદ્ધે મોતને વહાલું કરતા ચકચાર મચી ગઈ છે. ગાદોઈ ગામની અઢી વીઘા જમીન હડપી લેવાના ઈરાદે કાકાના દીકરા સહિતના શખ્સો દ્વારા આપવામાં આવતા માનસિક ત્રાસથી કંટાળી વૃદ્ધે આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે. ૨૦ વર્ષ જૂના આ જમીન વિવાદે આખરે એક માસૂમનો જીવ લીધો છે. મૃતક વૃદ્ધ પાસેથી એક સ્યુસાઈડ નોટ પણ મળી આવી છે, જેમાં તેમને પડી રહેલી હેરાનગતિ અને જમીન વિવાદનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. પરિજનોના જણાવ્યા અનુસાર, કાકાના દીકરા અને અન્ય શખ્સો અઢી વીઘા જમીન પડાવી લેવા માટે સતત દબાણ કરી રહ્યા હતા અને તેમને માનસિક રીતે તોડી નાખ્યા હતા. આ ઘટના બાદ મૃતકના પુત્રએ વંથલી પોલીસ સ્ટેશનમાં ૫ શખ્સો વિરુદ્ધ પિતાને આપઘાત માટે મજબૂર કરવા અંગેની ફરિયાદ નોંધાવી છે. પોલીસે સ્યુસાઈડ નોટ અને પુત્રની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કેજરીવાલ ત્રણ દિવસ ગુજરાત પ્રવાસે, ૭ ઝોનના બુથ કાર્યકર્તા સંમેલનોનું આયોજન

અમદાવાદ, તા.૧૮

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ત્રણ દિવસના ગુજરાત પ્રવાસે આવ્યા છે. ૧૭ જાન્યુઆરીની રાત્રે અમદાવાદ એરપોર્ટ પર પહોંચતા આપના નેતાઓ અને કાર્યકર્તાઓએ તેમનું સ્વાગત કર્યું હતું. આ પ્રવાસ દરમિયાન આમ આદમી પાર્ટી દ્વારા રાજ્યના ૭ ઝોનમાં બુથ કાર્યકર્તા સંમેલનોનું આયોજન કરવામાં આવ્યું છે.



એરપોર્ટ પર કેજરીવાલે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતાં કહ્યું કે છેલ્લા ૩૦ વર્ષમાં ભાજપે ગુજરાતને ખાડામાં ધકેલી દીધું છે અને રાજ્યમાં વિકાસ નહીં પરંતુ ભયનું શાસન ચાલી રહ્યું છે. આજે અમદાવાદના નિકોલ વિસ્તારમાં મધ્ય ઝોનનું બુથ કાર્યકર્તા સંમેલન યોજવાનું હતું, પરંતુ છેલ્લી ઘડીએ આયોજન સ્થળમાં ફેરફાર કરવામાં આવ્યો અને સાણંદ-બાવળા રોડ પર આવેલા લોદરીયાલ ગામમાં સંમેલન યોજાયુ હતું.

# સુરતમાં BRTS બસમાં મહિલા મુસાફરનો હિંસક હુમલો, ડ્રાઈવર લોહીલુહાણ

સુરત, તા.૧૮

સુરત શહેરની BRTS બસમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. વાય-જંકશનથી સુરત રેલવે સ્ટેશન જઈ રહેલી બસમાં એક મહિલા મુસાફરે નજીવી બાબતે ઉશ્કેરાઈને બસના ડ્રાઈવર પર હુમલો કર્યો હતો. મળતી માહિતી મુજબ મહિલાએ અધવચ્ચે બસ ઉભી રાખવાની માગ કરી હતી, પરંતુ BRTSના નિયમ મુજબ માત્ર નિર્ધારિત સ્ટોપ પર જ બસ ઊભી રહી શકે તેમ હોવાનું ડ્રાઈવરે સમજાવ્યું હતું. આ વાતથી ગુસ્સે ભરાયેલી મહિલાએ ડ્રાઈવરનો



કોલર પકડીને તમાચા માર્યા અને પોતાનો મોબાઈલ તેના માથા પર ફેંકતા લોહી નીકળ્યું હતું. ઘટનાથી બસમાં અફરાતફરી મચી ગઈ હતી. સમગ્ર ઘટના CCTVમાં કેદ થઈ છે અને મામલો પોલીસ મથકે પહોંચ્યો છે.

# મહેસાણામાં કોમી એકતાનું અનોખું ઉદાહરણ, મુસ્લિમ વસ્તી ધરાવતા ગામે હિન્દુ સંતને બગીમાં બેસાડી ભવ્ય સ્વાગત કર્યું

મહેસાણા,તા.૧૮

ભારતીય સંસ્કૃતિના મૂળમાં રહેલી ભાવના એટલે "વસુધૈવ કુટુંબકમ" (આખું વિશ્વ એક પરિવાર છે). આ ઉક્તિને સાર્થક કરતું એક જીવંત ઉદાહરણ મહેસાણા જિલ્લાના બહુચરાજી તાલુકાના ચંદ્રોડા ગામે જોવા મળ્યું છે. જ્યાં એક મુસ્લિમ પરિવારના લગ્ન પ્રસંગમાં હિન્દુ સંતની પધરામણી થતા આખું ગામ ઉમટી પડ્યું હતું અને જે રીતે તેમનું સ્વાગત કરવામાં આવ્યું, તે દ્રશ્યો જોઈને પંથકના લોકો ગદગદિત થઈ ગયા હતા. મળતી માહિતી મુજબ, બહુચરાજીના ચંદ્રોડા ગામે રહેતા સલીમભાઈ નાગોરીના ઘરે લગ્ન પ્રસંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શુભ અવસરે પરિવારને આશીર્વાદ આપવા માટે દેવ દરબાર મઠ (ઓગડનાથ મહારાજની ગાદી)ના મહંત શ્રી બળદેવનાથજી મહારાજ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. હિન્દુ સંત જ્યારે ગામમાં પધાર્યા ત્યારે મુસ્લિમ સમાજ દ્વારા તેમનું અભૂતપૂર્વ અને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.














